RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 32* Date: 21.11.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ડબલ એન્જીનની સરકારને સપોર્ટ કરીને વિકાસની ગાથાને આગળ વધારવા વડાપ્રધાને આહવાન કર્યું

## મેધા પાટકરનું નામ લીધા વિના કર્યા આકરા પ્રહાર, જે બહેને ગુજરાતને બદનામ કર્યું તેમના ખભે હાથ મૂક્યો:



રાજકોટ,તા.૨૦

નરેન્દ્રભાઇ મોદીએ આજે દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકી એક એવા સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે પહોંચી ભગવાન ભોલેનાથની પૂર્ણ ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે પહોંચી ગીર સોમનાથ જિલ્લાની ચાર બેઠકોના ભારતીય જનતા પાર્ટીના ઉમેદાવારોના સમર્થનમાં વિશાળ જનસભાને સંબોધન કર્યું હતું.

વડાપ્રધાન નરેનદ્રભાઇ મોદીએ સંબોધતા જણાવ્યું હતું કે, લોકતંત્રના મહાપર્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારની આ પહેલી સભા સોમનાથ દાદાની ધરતી ઉપર થઇ રહી છે. સોમનાથ દાદાના આર્શિવાદ અને જિલ્લાના જનતા જનાર્દન આર્શિવાદ મળવાથી મારા તમામ રેકોર્ડ તોડી ભૂપેન્દ્રના નવા રેકોર્ડ સ્થાપિત થવાની છે તે નક્કી થઇ ગયું છે. આપણે સૌ એ મતદાન કરવું એ લોકતંત્રમાં ખૂબ જ આવશ્યક છે. મોદી વધુમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી રાજ્યએ વિકાસની હરણફાળ ભરવામાં પાછી પાની કરી નથી. લોકતંત્રના આ મહાપર્વમાં ગુજરાતમાં વિકાસની ગતિ બંધ ન થાય તે માટે ડબલ એન્જિનની સરકાર આ વખતે પણ સ્થાપીત કરવી જરૂરી છે. ચૂંટણીમાં મત માંગવા એ મારૂ કર્તવ્ય છે, મતદાન કરવું એ તમારૂ કર્તવ્ય છે.

આ વખતે નરેન્દ્રના નામે થયેલ તમામ રેકોર્ડ ભૂપેન્દ્ર તોડે તેવી મારી અદમ્ય ઇચ્છા છે અને તેના માટે તમારે મતદાન કરવાનું છે. ગુજરાતની જનતા આજ દિન સુધી ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂકતી આવી છે આ વખતે પણ એ વિશ્વાસ કાયમ રાખી ગુજરાતને પ્રગતિના પંથે લઇ જવા અપીલ કરી હતી.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, પહેલાં ગુજરાતની છબી ખરડાયેલી હતી અને દેશ અને વિશ્વમાં વાતો થતી હતી કે ભારત કાંઇ નહીં કરી શકે અને ગુજરાત પણ કાંઇ નહીં કરી શકે. પહેલાં એક રૂપિયાનું કામ કરાવવું હોય તો આપણે સો રૂપિયાનો ખર્ચ કરવો પડતો હતો. પરંતુ આજે ગુજરાતને શું જોઇએ છે તેમની મારી કેન્દ્રની સરકારને ખબર હોવાથી ગુજરાત માંગે તે પહેલાં ગુજરાતને આપી દેવામાં આવે છે.

આજે ગુજરાતની ધરતી દરેક ક્ષેત્રમાં પાણીદાર બનાવી દીધી છે. પીવાનું શુધ્ધ પાણી ઘેર ઘેર પહોંચાડવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની સુકી ધરતી ઉપર ધરતી પુત્રોને સિંચાઇનું પાણી મળી રહે તે માટે નર્મદા જિલ્લામાંથી કચ્છની સુકી ધરતી સુધી માં નર્મદાને પહોંચાડવામાં આવી છે. દિકરીઓ આજે દેશમાં જ ઉચ્ચ અભ્યાસ કરી સૌથી ઉંચા હોદા ઉપર રોજગારી મેળવી દેશનું અને રાજ્યનું નામ રોશન કરી રહી છે. ટુરીઝમ ક્ષેત્રે પણ ગુજરાત રાજ્યએ હરણફાળ ભરી છે.

ગુજરાતના ટુરીઝમની આજે વિશ્વમાં ચર્ચા થઇ રહી છે.અહીં જનસભા સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, બધા મને કહે છે કે ભાજપ જ જીતવાની છે. તમે કેમ દોડો છો? પણ આ મારું કર્તવ્ય છે. તમે પોલિંગ બુથ જીતીને બતાવજો. નરેન્દ્રના તમામ રેકોર્ડ ભૂપેન્દ્ર તોડે તેવી મારી ઇચ્છા છે. ૧-૧ રન બહુ થયા, હવે સીધી સેન્ચુરી મારીશું. પીએમ મોદીએ કહ્યુ કે, આજે ગુજરાતનો દરિયાકિનારો ધમધમે છે. ગુજરાતના બંદરો દેશની સમૃદ્ધિના દ્વાર છે. ગુજરાતના માછીમારો દુનિયામાં ડબલ નિકાસ કરે છે. ખેડૂતો અને સાગરખેડૂઓ માટે અમે યોજનાઓ લાવ્યા છે. ગુજરાતના વિકાસ પર અગાઉ શંકાઓ થતી. દીકરીઓ ભણતી નોહતી. આપણે ગુજરાતમાં મોટું અભિયાન ચલાવ્યું. આજે દીકરીઓ ભણી-ગણીને નામ રોશન કરી રહી છે.

અગાઉ લાકડા સળગાવી રોટલા બનાવવા પડતા. શરીરમાં ૪૦૦ જેટલો ધુમાડો જતો. આ દીકરાએ એની ચિંતા કરી છે. મફત ગેસ સિલિન્ડર આપ્યા, નળથી જળ પહોંચાડ્યું છે. પહેલા માતા-દીકરીઓ બીમાર પડે તો દેવાના ડરે કહેતી નહોતી. તે માટે આયુષ્માન યોજના લાવ્યો. તમારો દીકરો તમારા માટે બેઠો છે.

દરમિયાન વડાપ્રધાન રાજકોટના ધોરાજીમાં સંબોધન કરતાં પીએમ મોદીએ કહ્યું, બે દાયકાના આપણાં સંયુક્ત પુરુષાર્થનું પરિણામ છે, ભાજપને જનતાના અસીમ આશીર્વાદ મળી રહ્યા છે. ગુજરાતીઓના જોમ-જુસ્સાની સાથે નિર્માણ, નિકાસ અને રોકાણના કારણે મારા ગુજરાતનો ડંકો વિશ્વભરમાં વાગી રહ્યો છે.

મોદીએ કહ્યું કે, માં નર્મદા માટે કેટલા બધા ડખ્ખા થયા ભાઈઓ. પંડિત જવાહલાલ નહેરુંએ સરદાર સરોવર ડેમનો શિલાન્યાસ કર્યો હતો અને આ નરેન્દ્ર મોદીએ આવીને આ ડેમનું ઉદ્ઘાટન કર્યું. તમે વિચાર કરો કેટલા રૂપિયા અને કેટલા સમય બરબાદ થયો. કેવા કેવા લોકો આ નર્મદાને આડે આવ્યા હતા.

પીએમ મોદીએ કહ્યું કે, 'ગઈકાલે છાપામાં છપાયેલા કોંગ્રેસના એક નેતાનો ફોટો તમે જોયો હશે.

જેમાં કોંગ્રેસના એક નેતા એક બહેનના ખભા પર હાથ મુકેલ જોવા મળી રહ્યા છે. આ નેતા, કોંગ્રેસ પાર્ટી ક્યાં મોઢે તમારી પાસે મત માંગવા આવે છે પૂછો એમને.' તેમણે કહ્યું કે, 'આ નર્મદા અમારા કચ્છ-કાઠિયાવાડના લોકોને પીવાના પાણી માટે એક જ સાધન હતું, એ નર્મદાનું પાણી ત્રણ-ત્રણ દાયકા સુધી રોકી રાખ્યું. કોર્ટ-કચેરીમાં ઢસેડી ગયા, મુસીબતો ઉભી કરી અને પાણી ન પહોંચે એટલા માટે આંદોલનો કર્યા. ગુજરાતને એટલી હદે બદનામ કરી નાખ્યું કે દુનિયાભરમાંથી ગુજરાતને કોઈ પૈસા ન આપે. વર્લ્ડ બેંક ગુજરાતને પૈસા ન આપે એટલી હદે ગુજરાતને બદનામ કરી નાખ્યું.'

પીએમ મોદીએ કહ્યું કે, 'એક બહેન કે જેઓ આ આંદોલન ચલાવી રહ્યા હતા, તેમના ખભે હાથ મુકીને કોંગ્રેસના એક નેતા પદયાત્રા કરી રહ્યા હતા. જ્યારે કોંગ્રેસ મત માંગવા આવે ત્યારે તેમને પૂછજો તમને ક્યાં મોઢે અમારી પાસે મત માંગવા આવ્યો છો? તમે લોકો નર્મદાને અટકાવાનારા લોકોના ખભે હાથ મુકીને પદયાત્રાઓ કાઢી રહ્યા છો, તમે આવનારા દિવસોમાં ગુજરાતને કેટલું બરબાદ કરવાના છો તેનું આ ઉદાહરણ છે. આવા લોકોને પૂછજો ક્યાં મોઢે મત માગો છો.'

## કોંગ્રેસના નેતાએ લોહીથી પ્રમુખ ખડગેને પત્ર લખ્યો કોંગ્રેસના નેતૃત્વના સંબંધમાં તાકિદે નિર્ણય લેવામાં આવે : સર્વ બ્રાહ્મણ મહાસભાના અધ્યક્ષ સુરેશ મિશ્રા

### અનિર્ણયના કારણે અજય માકને પણ રાજીનામુ આપી દીધુ છે.

જયપુર,તા.૨૦

કોંગ્રેસના એક નેતાનો પત્ર સોશલ મીડિયા પર તેજીથી વાયરલ થઇ રહ્યો છે.આ પત્રને જોઇ દરેક કોઇ આશ્ચર્યમાં છે દાવો કરવામાં આવી રહ્યો છે કે આ પત્રને લોહીથી લખવામાં આવ્યા છે અને આ પત્ર કોંગ્રેસના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે માટે લખવામાં આવ્યો છે.

કોંગ્રેસ નેતા અને સર્વ બ્રાહ્મણ મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુરેશ મિશ્રાએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને લોહીથી લખેલ પત્ર મોકલી કહ્યું છે કે રાજયમાં કોંગ્રેસ નેતૃત્વના સંબંધમાં વહેલી તકે નિર્ણય લેવામાં આવે પત્રમાં મિશ્રાએ કહ્યું છે કે તમે જાણો છો કે સપ્ટેમ્બરમાં શું થયું રાહુલ ગાંધી ડિસેમ્બરમાં પોતાની ભારત જોડો યાત્રાની સાથે રાજસ્થાન આવી રહ્યાં છે પાર્ટીના કાર્યકર્તા અને પ્રદેશની જનતા તમારાથી આશા કરે છે કે આપ રાજસ્થાનના સંબંધમાં તાકિદે નિર્ણય લેવામાં આવે

તેમણે કહ્યું કે પર દિવસ વીતી ગયા બાદ પણ અસમંજસની સ્થિતિ બનેલ છે અનિર્ણયના કારણે અજય માકને પણ રાજીનામુ આપી દીધુ છે.તમને વિનંતી છે કે તેમના દ્વારા ઉઠાવવામાં આવેલ પાસા પર તાકિદે નિર્ણય લેવામાં આવે જેથી આપણા સરકાર પૂર્ણ બહુમતિથી સત્તામાં બની રહે અને પ્રદેશનો વિકાસ થાય તેમણે આગળ કહ્યું કે મને પુરી આશા અને વિશ્વાસ છે કે મારા લોહીથી લખેલા આ પત્રને વાંચી આપ કોંગ્રેસના સામાન્ય કાર્યકર્તાઓની ભાવનાઓ અનુરૂપ નિર્ણય લેશો. મિશ્રાએ એ પણ કહ્યુ કે લોકો ઇચ્છે છે કે કોંગ્રેસ ફરીથી રાજસ્થાનમાં સરકાર બનાવે જેના માટે ભ્રમની સ્થિતિ ખતમ થવી જોઇએ

આ ઉપરાંત તેમણે રાહુલ ગાંધીના આગમાનને લઇ કહ્યું કે રાહુલ ગાંધીના રાજસ્થાનમાં જોરદાર સ્વાગત થાય તેમનું એવુ સ્વાગત થાય કે ભારતમાં કયાંય થયું ન હોય આ સાથે જ કહ્યુ કે આ ત્યારે સંભવ હશે જયારે તમારા દ્વારા સપ્ટેમ્બરમાં થયેલ ઘટના પર પગલા લેવામાં આવશે.

## ઓ પનીરસેલ્વમ પાર્ટી નેતૃત્વ માટે જારી સંઘર્ષ વચ્ચે શશિકલાના ભત્રીજા ટી વી દિનાકરનની સાથે નજીકતા વધારી રહ્યાં છે

ચેન્નાઇ,તા.૨૦

સ્વ.પૂર્વ મુખ્યમંત્રી જે જયલલિતાના નજીકના મિત્ર વી કે શશિકલા અને તેમના પરિવારજનોને ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કષગમ(એઆઇએડીએમકે)થી બહાર નિકાળવા માટે કયારેક ધર્મયુધ્ધ શરૂ કરનારા તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી ઓ પનીરસેલ્વમ પાર્ટી નેતૃત્વ માટે જારી સંઘર્ષ વચ્ચે શશિકલાના ભત્રીજા ટી વી દિનાકરનની સાથે નજીકતા વધારી રહ્યાં છે. પદ પરથી દુર કરાયેલા સમનવ્યક ઓપીએસ એક નાના જુથનું નેતૃત્વ કરતા અમ્મા( દિવંગત જે જયલલિતા)ના વફાદારોને એક કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. જેથી અન્નાડીએમકના પ્રબળ જુથનું નેતૃત્વ કરી રહેલ પૂર્વ મુખ્યમંત્રી કે પલાનીસ્વામી પર પાર્ટીમાં બીજીવાર નેતૃત્વને લઇ દબાણ વધારી શકાય જો કે પલાનીસ્વામીએ મેલ મિલાપના તમામ રસ્તા બંધ કરી દીધા છે અને ભારપૂર્વક કહ્યું છે કે અન્નાડીએમકેને નિષ્ક્રિય બનાવનારા ઓપીએસ અને તેમના કેટલાક સમર્થકોનું પાર્ટીમાં કોઇ સ્થાન નથી.અમ્મા મકકલ મુનેત્ર કષગમ(એએમએમકે)ના મહામંત્રી દિનાકરનેં કહ્યું કે બે પત્તીઓવાળા ચુંટણી પ્રતિક વિના અન્નાડીએમકે કંઇ પણ નથી અને તે ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં ડીએમકેથી પ્રતિસ્પર્ધા કરવાની સ્થિતિમાં હશે નહીં દિનાકરે દાવો કર્યો કે ફક્ત પાર્ટી કાર્યકરો જ નહીં પરંતુ જનતા પણ પુરી રીતે પાછું લાવનારા નેતૃત્વને સમર્થન કરશે સ્થિતિને ધ્યાનમાં રાખી પન્નીરસેલ્વમે અન્નાડીએમકેના તમામ જુથોને એક બનાવવા માટે દિનાકરણને મળવાની ઇચ્છા વ્યકત કરી હતી પન્નીરસેલ્વમે કહ્યું કે જો દિનાકરણને મળવાની તક મળી તો હું તેમને મળીશ

## ૨૦૫૦ સુધી ભારત ૩૦ ટ્રિલ્યન ડૉલર ઈકૉનૉમી બનશે : અદાણી

મુંબઇ,તા.૨૦

એશિયાના સૌથી ધનિક ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે ભારતને એક ટ્રિલ્યન ડૉલર ઈકૉનૉમી બનતાં ૫૮ વર્ષ લાગ્યાં હતાં. હવે દર ૧૨થી ૧૮ મહિનામાં એટલી જ રકમ જીડીપીમાં ઉમેરાતી થશે અને ભારત ૨૦૫૦ સુધીમાં દુનિયાની બીજા નંબરની સૌથી વિશાળ ઈકૉનૉમી બનશે.

મુંબઈમાં ૨૧મી વર્લ્ડ કૉન્ગ્રેસ ઑફ અકાઉન્ટન્ટ્સને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે એક પછી એક વૈશ્વિક કટોકટીએ અનેક ધારણાને પડકારી છે, જેમાં ચીને પશ્ચિમી લોકતાં?ત્રિક સિદ્ધાંતોને અપનાવવા જોઈએ, બિનસાંપ્રદાયિક સિદ્ધાંતો વૈશ્વિક છે, યુરોપિયન યુનિયને એક જ રહેવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂમિકામાં ઘટી હોવાનું સ્વીકારવા રશિયાને ફરજ પાડવામાં આવશે એવી ધારણાનો સમાવેશ થાય છે.'ભારતની વૃદ્ધિ વિશે તેમણે કહ્યું હતું કે 'જીડીપીના સૌપ્રથમ ટ્રિલ્યન ડૉલર્સ મેળવવા માટે આપણને ૫૮ વર્ષ લાગ્યાં હતાં. કેન્દ્ર સરકાર દ્વારા જે રીતે વ્યાપકપણે સામાજિક અને આર્થિક સુધારા કરવામાં આવી રહ્યા છે એ જોતાં મારી અપેક્ષા છે કે આગામી દશક સુધીમાં ભારત દર ૧૨થી ૧૮ મહિનામાં એના જીડીપીમાં એક ટ્રિલ્યન ડૉલર ઉમેરવાનું શરૂ કરશે. એ રીતે ૨૦૫૦ સુધીમાં ભારત ૩૦ ટ્રિલ્યન ડૉલર (૨૪૪૫.૬૦ ટ્રિલ્યન રૂપિયા) ઈકૉનૉમી બનશે.'

ભારત અત્યારે ૩.૫ ટ્રિલ્યન ડૉલર (૨૮૫.૩૨ ટ્રિલ્યન રૂપિયા)ની જીડીપી સાથે દુનિયાની પાંચમી સૌથી વિશાળ ઈકૉનૉમી છે.

## ચૂંટણી કમિશ્નરના પદ પર રિટાયડ આઈએએસ અરુણ ગોયલની નિયુક્તિ, રાષ્ટ્રપતિએ મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૨૦

રિટાયર્ડ આઈએએસ અરુણ ગોયલને ચૂંટણી કમિશ્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મંજૂરી આપી દીધી છે.

જો કે હજુ સુધી નિયુક્તિની તારીખ હજુ નક્કી નથી. શનિવારે સાંજે કાયદા મંત્રાલયના એક નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અરુણ ગોયલને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે.

તમને જણાવી દઈએ કે અરુણ ગોયલ, ૧૯૮૫ બેચના પંજાબ કેડરના અધિકારી છે. તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર અનૂપ ચંદ્ર પાંડેની સાથે ચૂંટણી પેનલનો ભાગ હશે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રા આ વર્ષે મે મહિનામાં રાજીવ કુમારને કાર્યભાર સોંપીને નિવૃત્ત થયા હતા. પોલ પેનલ ત્યારથી બે સભ્યોની સંસ્થા છે અને તેણે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની ગેરલાયકાતની માંગ સહિત ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓને હેન્ડલ કરવાના હતા.

## વડાપ્રધાન મોદી સ્વયંસેવક છે પરંતુ આરએસએસ રિમોટ કંટ્રોલનો ઉપયોગ નથી કરતું: મોહન ભાગવત

જબલપુર, તા.૨૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે. ભાગવતે કહ્યું કે, પીએમ મોદી સંઘના સ્વયંસેવક રહ્યા છે પરંતુ સંઘ સ્વતંત્ર રીતે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે સંસ્થા પર નિયંત્રણ નથી રાખતું. તેમણે કહ્યું કે સંઘ પ્રત્યક્ષ નિયંત્રણ કે રિમોટ કંટ્રોલનો ઉપયોગ નથી કરતું. સરસંઘચાલકે જબલપુરમાં લોકો સાથે વાત કરતા આ વાત કહી હતી.

મોહન ભાગવતે કહ્યું કે, જયારે કોઈ આરએસએસ વિશે વાત કરે છે તો લોકો વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) વિશે પણ વિચારે છે અને તેના સંગઠનમાં પણ સ્વયંસેવક છે અને તેના વિચાર પણ સમાન છે. તેમણે કહ્યું કે, સંઘ કહ્યા બાદ લોકો મોદીજીનું નામ લે છે. મોદીજી અમારા સ્વયંસેવક છે. સંઘ કહ્યા બાદ તમને વિશ્વ હિંદુ પરિષદ નજર આવે છે. વિશ્વ હિંદુ પરિષદમાં સ્વયંસેવક છે અને તેમના વિચારો તથા સંસ્કાર સ્વયંસેવક જેવા જ છે પરંતુ તે તમામ સ્વતંત્ર અને અલગ સ્વયંસેવકો માટે થયેલા કામ છે. તે સંઘ નથી.

આરએસએસના વડાએ કહ્યું કે, સંઘનું એક અલગ અને સ્વતંત્ર કામ છે. સ્વયંસેવકો દરેક જગ્યાએ છે તેથી સબંધ રહે છે જેનાથી સારા કાર્યોમાં મદદ થાય છે. જોકે, સંઘનું તેમના પર પ્રત્યક્ષ કે પરોક્ષ નિયંત્રણ નથી. ભાગવતે કહ્યું કે, હિંદુ ધર્મ કોઈ ધર્મ નથી પરંતુ જીવન જીવવાની રીત છે. તે એક પરંપરા છે જે વિવિધ સંપ્રદાયો, જાતિઓ અને ક્ષેત્રો દ્વારા પોષિત કરવામાં આવે છે.

છત્તીસગઢની મુલાકાત લીધા બાદ અને ત્યાં આરએસએસના કાર્યકર્તાઓ સાથે વાતચીત કર્યા બાદ ભાગવત ગુરુવારે ચાર દિવસના પ્રવાસે જબલપુર પહોંચ્યા હતા. તેમણે શુક્રવારે મહાકૌશલ વિસ્તારના પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. સંસ્થાના એક અધિકારીએ આ જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૫માં સંઘ તેનું શતાબ્દી વર્ષ ઉજવશે. આ પહેલા દેશના દરેક ઘર સુધી પહોંચવાનો અને સંઘનો આધાર બમણો કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

## જનતા ફરી જાગી જશે તો તમામ સમીકરણ ધ્વસ્ત થઇ જશે : પ્રશાંત કિશોર

પટણા,તા.૨૦

ચુંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર પોતાની જન સુરાજ પદયાત્રાના ૪૮માં દિવસની શરૂઆત પશ્ચિમ ચંપારણ જીલ્લાના મઝોલિયા પંચાયતથી કરી હતી આ દરમિયાન જનતાથી વાત કરતા કહ્યું કે જન સુરાજ પદયાત્રા પશ્ચિમ ચંપારણમાં ૫૫૦ કિમીથી વધુ પગપાળા ચાલ્યા બાદ પૂર્વી ચંપારણના પહાડપુર પહોંચ્યા હતાં અને જન સુરાજ પદયાત્રા શિબિર સભાથી થઇ હતી શિબિરમાં સ્થાનિક લોકોને સંબોધિત કરતા કિશોરે કહ્યું કે નેતા આવે છે તો તે જોવે છે કે તેમની તાકાત કેટલી છે તેમની સાથે લોકો કેટલા છે. તેમણે કહ્યું કે અમારૂ આ અભિયાન અમારી શક્તિ બતાવવાની નથી આ અભિયાન છે જનતાને તેમની તાકાતનો અહેસાસ કરાવવાનો છે.

તમારે તમારા એક એક મતની કીંમતને સમજવી પડશે તમારા રાજયની તિજોરીની ચાવી કોઇને આપવી છે તે તમારા મત નિર્ધારિત કરે છે સમગ્ર રાજયની તિજોરી ખોટા હાથોમાં ન સોંપવામાં આવે તેમણે લોકોને કહ્યું કે જયારે તમે તમારા ઘરની તિજોરીની રક્ષા માટે જવાબદાર વ્યક્તિના હાથોમાં સોંપો છો ત્યારે સમગ્ર રાજયની તિજોરી કોઇ ખોટા વ્યક્તિના હાથમાં કેવી રીતે સોંપી શકો છો.

પ્રશાંત કિશોરે કહ્યું કે જનશક્તિ જ સૌથી મોટી શક્તિ છે આથી એકવાર ફરી જનતા જાગી જશે તો તમામ સમીકરણ ધ્વસ્ત થઇ જશે અને જનતાની જીત થશે તેમણે કહ્યું કે મારો હેતુ ફક્ત જનતાને એ બતાવવાનો છે કે તમારી તમામ સમસ્યાઓનું સમાધાન તમારા મત નિર્ધારિત કરશે શક્તિ કોઇ નેતા કે પક્ષની નહીં પરંતુ તમારા મતની જ છે.

## તંત્રી સ્થાનેથી...

# સાવરકર પર સવાલ ઉઠાવતા વેંતિયાઓ

*રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા પોતાના હેતુથી ભટકી ગઈ હોવાનું લાગે છે. મોંઘવારી, બેરોજગારી, આંતરિક સુરક્ષા, કેન્દ્ર અને રાજ્ય સંઘો જેવા મુદ્દાઓ લઈને શરૂ થયેલ કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા' હિંદુત્વ, ભાજપ-સંઘ વિરોધ અને વીર સાવરકર પર સવાલ ઉઠાવવાના એ જ ચવાયેલા મુદ્દાઓ પર આવી ગઈ છે. મહારાષ્ટ્રમાં પોતાની યાત્રા દરમ્યાન રાહુલ ગાંધીએ વીર સાવરકર પર વિવાદિત ટિપ્પણી કરીને કોંગ્રેસના હાથ બળતામાં નાખ્યા છે. આ યાત્રા દરમ્યાન તેઓ સંઘ પર પણ એલફેલ પ્રલાપ કરતા રહ્યા છે. તેનાથી તેમની ભારત જોડો યાત્રા પોતાના હેતુથી ભટકી ગઈ હોવાનું જણાય છે. રાહુલ ગાંધી સમેટાતી કોંગ્રેસના ગુમાવેલા જનાધારને પાછો મેળવવા અને કેન્દ્રીય સત્તાની સીડી સુધી પહોંચવા માટે ભારત જોડો રાજકીય યાત્રા કરી રહ્યા છે, પરંતુ સંઘ તો દાયકાઓથી અસલમાં ભારતને જોડવા અને જોડી રાખવાનું કામ કરતો આવ્યો છે. સંઘના કામની પ્રશંસા નેહરુ સહિત કેટલાય કોંગ્રેસી નેતાઓ પણ કરી ચૂક્યા છે. સંઘ નિઃસ્વાર્થ ભાવે દેશ સેવા કરી રહ્યો છે. કાયદેસર રાહુલ ગાંધીએ કોંગ્રેસની જમીન તૈયાર કરવાના હેતુથી આ યાત્રા શરૂ કરી હતી, તો તેમણે જનતા સાથે સંવાદ દરમ્યાન કોંગ્રેસના ભાવિ એજન્ડા અને દેશ માટે નીતિઓ પર વાત કરવી જોઈતી હતી, જેમાં કમરતોડ મોંઘવારી, રેકોર્ડ બેરોજગારી, આંતરિક સુરક્ષા, કેન્દ્ર સાથે બગડી રહેલા બિનભાજપ શાસિત રાજ્યોના સંબંધો, અર્થવ્યવસ્થાની સુસ્તી, ઉદ્યોગ જગતની મુશ્કેલીઓ, નવા આર્થિક સુધાર, વિભાજનકારી રાજનીતિ જેવા પ્રોડક્ટિવ મુદ્દાઓ પર પોતાના સંવાદને કેન્દ્રિત રાખવો જોઈતો હતો. આજે ૨૧મી સદીમાં ૨૦મી સદીનાં મડદાં ઉખેડવાનો કોઈ ફાયદો નથી. આપણા નેતાઓએ એ સમજવું જોઈએ. ભારત વિભાજન, કાશ્મીર જેવા મુદ્દાઓ મામલે પંડિત જવાહરલાલ નેહરુ સહિત એ વખતના કેટલાય દિગ્ગજ નેતાઓથી ભૂલો થઈ છે, પરંતુ આજના દોરમાં તેમની ભૂલોને સુધારવા વિશે વાત થવી જોઈએ.*

*વીર સાવરકરની દેશભક્તિ પર ચાંદીની ચમચી સાથે જન્મેલા વેંતિયા નેતાઓ આજે શંકા કરી રહ્યા છે. સ્વતંત્રતા સંગ્રામમાં સાવરકરની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે અને તેમણે એ સમયના નેતાઓ કરતાં અંગ્રેજોના વધુ અત્યાચાર સહન કર્યા છે. સાવરકર મરાઠા અસ્મિતાનું મોટું વ્યક્તિત્વ છે. રાહુલ ગાંધીએ સાવરકર પર કશું જ બોલતાં પહેલાં મહારાષ્ટ્રમાં કોંગ્રેસ વિશે પણ વિચારવું જોઈતું હતું. મહારાષ્ટ્ર યાત્રા દરમ્યાન રાજ્યના વર્તમાન મુદ્દાઓ પર વાત કરવાને બદલે સાવરકર વિશે એલફેલ બોલવાનો કોઈ મતલબ નથી. રાહુલે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ માટે તો મુશ્કેલી પેદા કરી જ દીધી છે, ગુજરાતની વિધાનસભા ચૂંટણી માટે પણ પોતાની પાર્ટીનું જ નુક્સાન કરાવ્યું છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસ એમ પણ ચોથા નંબર માટે સંઘર્ષ કરી રહી છે. શિવસેનાએ રાહુલના આ નિવેદન પર તરત જ વિરોધ નોંધાવ્યો. ભૂતકાળમાં પણ રાહુલ ગાંધી બેઠાં બેઠાં ભાજપને કોંગ્રેસ વિરુદ્ધ મુદ્દા આપતા રહ્યા છે. ૧૫૦ દિવસ સુધી ૧૨ રાજ્યોમાં ૩૫૦૦ કિલોમીટરની યાત્રા બાદ પણ જો રાહુલ ગાંધી કોંગ્રેસ માટે કશું સકારાત્મક ન કરી શક્યા, તો આ કવાયત વ્યર્થ જ છે.*



મોહતાજ નથી

મોહતાજ નથી હું કોઈની દાદ કે દરકારની.
બનાવી રહી છું દુનિયા ખુદ મારી રફતારની.
શિર દીવાલ પર પટકી-પટકીને ચાલ્યા ગયા,
તોય ના ખોલી બારી અમે દિલ-એ-દરબારની.
એમ તો કોઈને યાદ પણ નહતો ચહેરો ક્યારેય,
મેદાને ઉતરી ગયા તો ચર્ચા થઈ અમારા કિરદારની.
ઝૂકી ઝૂકીને વાત કરે છે એ બીજું શું હોય?
આબાદ અસર લાગી રહી છે કોઈ ચમત્કારની.
ખતા ગણી ગણીને થાક્યા ત્યારે કબુલ્યું એમણે,
પરવાહ કરું છું હું અહીં માત્ર પરવરદિગારની.
-અંકિતા સોની (ધોળકા)

કોઇ રસ્તાની ધારે
તમારી સાથે,
કદી આવું થયું છે?
જેવું અમારી સાથે થયું છે.
ના, ભાઇ ના,
રસોડામાંથી ફેંકાયેલ,
વેલણ મિસાઇલથી,
લમણું રંગાયું નથી!!
તમારી આડે,
કાળી કે કાબરચીતરી ,
બિલાડી ઉતરી હશે!!
પછી,
બિલાડીને શું નુકસાન થયું,
એ બિલાડીએ કદી કહ્યું નથી.
ભોગ બિલાડીના,
બીજું શું??
અમને પણ,
બાંદીપુર ટાઇગર રિઝર્વમા,
આવો અનુભવ થયો.
કાળો ડિબાગ હાથીકાય,
હાથી અમારા રસ્તાની આડે ઉતર્યો.
ડાબેથી જમણે રસ્તે ગયો.
દુનિયાની પહેલી ઘટના કે,
દુર્ઘટના હશે??
હાથી આડો ઉતરે તેના,
ફાયદા-ગેરફાયદા,
ફૂટપાથિયા જ્યોતિષીએ
ચિરકુટ જ્યોતિષ સંહિતામાં લખ્યા નથી!!!
અમને ફફડાટ છે.
કેટલું નુકસાન થશે?
કેટલો ફાયદો થશે?
જોઇએ હવે શું થશે??
ભરત વૈષ્ણવ
૨૦.૧૧.૨૦૨૨

# મુખ્યમંત્રી મમતા બેનર્જી પાંચ ડિસેમ્બરે દિલ્હીમાં વડાપ્રધાનની બેઠકમાં ભાગ લેશે

### મુખ્યમંત્રી આ પ્રસંગ પર વડાપ્રધાનની સાથે એક અલગ બેઠક કરવા માટે પોતાની યાત્રાનો ઉપયોગ કરી શકે છે

કોલકતા,તા.૨૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ૨૦૨૩માં જી ૨૦ શિખર સંમેલનની મેજબાની કરનારા દેશની તૈયારી પ્રક્રિયા પર ચર્ચા કરવા માટે તમામ રાજયોના મુખ્યમંત્રીઓની સાથે પાંચ ડિસેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી બોલાવવામાં આવેલ બેઠકમાં ભાગ લેશે.

રાજય સચિવાલયના સુત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી આ પ્રસંગ પર વડાપ્રધાનની સાથે એક અલગ બેઠક કરવા માટે નવી દિલ્હીની પોતાની યાત્રાની તકનો ઉપયોગ કરી શકે છે જયાં તે પશ્ચિમ બંગાળ સરકારના લંબિત કેન્દ્રીય ફંડની માંગેને ફરીથી ઉઠાવી શકે છે જો કે અલગથી બેઠક થશે કે નહીં તેના પર હાલ રાજય સચિવાલયમાં કોઇ પુષ્ટી કરવામાં આવી નથી કેટલાક મહીના પહેલા મમતા બેનર્જી નવીદિલ્હી ગયા હતાં તેમણે પોતાના સમકક્ષ અરવિંદ કેજરીવાલની સાથે એક અલગ બેઠક કરી અને તેમને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ(મનરેગા) હેઠળ માલ અને સેવા કરમાં રાજયની ભાગીદારી અને લંબિત રકમ હેઠળ બે પ્રમુખો હેઠળ લંબિત કેન્દ્રીય રકમ રકમની વિનંતી કરી

આ દરમિયાન કેન્દ્રે કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ હેઠળ રકમ જારી કરી દેવામાં આવી છે.મનરેગાના કારણે રાજયના બાકી હજુ પણ લંબિત છે તાજેતરમાં એક જાહેરસભામાં મુખ્યમંત્રીએ પણ આ મામલામાં પોતાની ફરિયાદ રાખી હતી અને સવાલ કર્યો હતો કે શું હવે તેમને કેન્દ્રીય કોષ માટે વડાપ્રધાનના પગે પડવું પડશે રાજય સચિવાલયના સુત્રોએ કહ્યું કે પશ્ચિમ બંગાળ સરકારની પણ જીએસટીમાં રાજયની ભાગીદારીની ફોર્મ્યુલાની બાબતમાં કેટલીક ટીપ્પણી કરી હતી જેને તે લાંબા સમયથી લંબિત જીએસટી પરિષદની બેઠકના કારણે ઉઠાવી શકયા નહીં રાજયના પૂર્વ નાણાંમંત્રી અને રાજય સરકારના વર્તમાન મુખ્ય આર્થિક સલાહકાર અમિત મિશ્રાએ તાજેતરમાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારણને એક પત્ર લખ્યો હતો

જો મુખ્યમંત્રી મમતા બેનર્જીને અલગથી વડાપ્રધાનને મળવાની તક મળશે તો મુખ્યમંત્રી બેઠકમાં આ મામલો ઉઠાવી શકે છે તેમના વડાપ્રધાનને ગંગા નદીના કટાવથી માહિતગાર કરવાની આશા પણ છે જે પશ્ચિમ બંગાળના કેટલાક જીલ્લામાં કહેર વર્તાવે છે મુખ્યમંત્રીએ તાજેતરમાં વડાપ્રધાનને પત્ર લખી મામલાના સ્થાયી સમાધાન માટે તેમના હસ્તક્ષેપની માંગ કરી છે.

# વડાપ્રધાન સુનક પદ સંભાળ્યા બાદ યુક્રેન પહોંચ્યા, એર ડિફેન્સ સિસ્ટમથી લઈને ઘણી મોટી જાહેરાતો કરી

કીવ,તા.૨૦

બ્રિટનના નવા પીએમ ઋષિ સુનકે સત્તા સંભાળ્યા બાદ પ્રથમ વખત યુક્રેનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે કિવ માટે ૫૦ મિલિયન પાઉન્ડના એર ડિફેન્સ પેકેજની જાહેરાત કરી છે. મુલાકાત દરમિયાન, સુનકે યુક્રેનના પ્રમુખ વ્લાદિમીર ઝેલેન્સ્કીને વચન આપ્યું હતું કે બ્રિટન યુક્રેન માટે એર ડિફેન્સ પેકેજ આપશે, જેમાં ૧૨૫ એન્ટી એરક્રાફ્ટ ગન અને ટેકનોલોજીનો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હવાઈ સંરક્ષણ પેકેજ યુક્રેનને રશિયન હુમલાઓથી સુરક્ષિત કરશે અને ઈરાની દ્વારા પૂરા પાડવામાં આવતા ડ્રોનનો સામનો કરવામાં મદદ કરશે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.યુકેના વડા પ્રધાનના કાર્યાલય તરફથી એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથેની મુલાકાત દરમિયાન, યુકેના વડા પ્રધાન યુક્રેનિયન નાગરિકો અને રશિયન હુમલાઓથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય માળખાને સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે એર ડિફેન્સનું એક મોટું નવું પેકેજ પ્રદાન કરશે. તેણે વધુમાં જણાવ્યું હતું કે, "રક્ષા સહાયના ૫૦ મિલિયન યુકે પાઉન્ડના પેકેજમાં ૧૨૫ એન્ટી એરક્રાફ્ટ ગન અને ઘાતક ઈરાન દ્વારા પૂરા પાડવામાં આવતા ડ્રોનનો સામનો કરવા માટે ટેકનોલોજીનો સમાવેશ થાય છે. આમાં ડઝનેક રડાર અને એન્ટી-ડ્રોન ઈલેક્ટ્રોનિક યુદ્ધ ક્ષમતાનો સમાવેશ થાય છે.ઋષિ સુનકે કહ્યું કે બ્રિટન યુક્રેનિયનોને તેમની લડાઈમાં સમર્થન આપવાનું ચાલુ રાખશે. તેઓએ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો માટે બનાવવામાં આવેલા સ્મારક પર ફૂલ અર્પણ કર્યા. કિવની મુલાકાત દરમિયાન ઋષિ સુનકે કહ્યું કે મને ગર્વ છે કે યુકે શરૂઆતથી યુક્રેનની પડખે ઊભું છે અને હું આજે અહીં કહેવા માટે છું કે યુકે અને અમારા સહયોગી દેશો યુક્રેનની પડખે ઊભા રહેશે.

# દરેક ક્ષેત્રમાં નારી આગળ વધવા લાગી છે



અગાઉના જમાનામાં સ્ત્રીઓને અબળા તથા લાજ શરમની મૂર્તિ તરીકે ઓળખવામાં આવતી હતી, પરંતુ જમાનામાં પરિવર્તન આવવાથી, નવી નવી ટેકનોલોજીના વિકાસ સાથે નવી નવી શોધો થવા લાગી.સ્ત્રીઓમાં પણ શિક્ષણનો સંચાર થવા લાગ્યો અને સ્ત્રીઓ સારૂ નરસું સમજવા તથા વિચારવા લાગી. શિક્ષણના કારણે સ્ત્રીઓમાં જાગરૂકતાનો સંચાર થયો. સ્ત્રીઓએ ઘરનો ઊંબરો ત્યજીને બહારની દુનિયામાં કદમ રાખવા માંડયા ત્યારથી દરેક ક્ષેત્રે નારીઓની હાક વાગવા માંડી છે. નારીઓએ ધીમે ધીમે પણ મક્કમ રીતે, દરેક વ્યવસાયમાં ઝંપલાવીને પૂરૂષની તાકાત, આવડત, મોનોપોલી તથા પુરૂષોનો સ્ત્રી પ્રત્યેનો અભિગમ અને પુરૂષોના અભિમાનને લલકારી દીધો છે. આજની નારી અબળા નામ ના કોચલામાંથી બહાર નિકળીને સબળા તરીકે ઓળખાવા લાગી છે. આજની નારી પુરૂષ સામે બાથ ભીડીને દરેક ક્ષેત્રે પુરૂષને ચેલેન્જ આપી રહી છે. મોંઘવારીમાં પુરૂષની મર્યાદિત આવકમાં ઘરખર્ચને પહોંચી વળવા અમુક ઓછું ભણેલી સ્ત્રીઓ પણ નાના મોટા કામ કે નોકરી ધંધો કરવા લાગી છે. આજની સુશિક્ષિત નારીઓ શિક્ષિકા, પરિચારિકા, વકીલ, ન્યાયાધીશ, એરહોસ્ટેસ કે વિમાનના પાયલોટ તરીકે કામ કરી રહી છે. અમુક સ્ત્રીઓ બેંકમાં, પોષ્ટખાતામાં તથા વિમા નિગમની ઓફિસમાં કામ કરે છે. અમુક સ્ત્રીઓ ડૉકટર બની પોતાની હોસ્પિટલ ખોલે છે. કોઈ સ્ત્રી કંપનીઓમાં ડિરેક્ટર તરીકે સેવા બજાવે છે. અમુક સ્ત્રીઓ પોલિસ ખાતામાં કે ડિટેક્ટિવ એજન્સીમાં કામ કરે છે. ઘણી દેશદાઝવાળી નારીઓ દેશની સેવા કાજે લશ્કરમાં જોડાઈ છે. બસમાં કંડકટર તરીકે હવે મહિલાઓ સેવા બજાવી રહી છે. ટૂંકમાં કહીએ તો આજે કોઈ એવું ક્ષેત્ર બાકી નથી રહ્યું કે જેમાં સ્ત્રીઓ કામ કરતી ના હોય. અગાઉના જમાનામાં થોડી હિમ્મતવાન સ્ત્રી હોય તો નર્સ તરીકે કે શિક્ષિકા તરીકે કામ કરતી હતી. આજે કોઈ ઑફિસ, ઔદ્યોગિક એકમ, ધંધો કે કોઈ ક્ષેત્ર એવુ બાકી નથી કે જ્યાં નારીઓનું આધિપત્ય ના હોય. અને સમાજે પણ નારીઓનું આધિપત્ય સ્વીકારી લીધું છે. સ્ત્રીઓ આજે જે ગતિથી હરણફાળ ભરી રહી છે અને પુરૂષોને ધંધા, રોજગાર અને અન્ય બાબતોમાં મદદરૂપ થઈ રહી છે તેથી દેશનો વિકાસ અને પ્રગતિ ચોક્કસ થશે એમાં કોઈ બેમત નથી. પુરૂષોએ પણ પોતાની સોચ બદલીને સ્ત્રીને પગની જૂતી ન ગણતાં ઘરનો સરતાજ ગણી એને માનપાન આપી એની હિમ્મત અને ગરિમા વધારવી જોઈએ. છેલ્લે સંજીવકુમાર તથા શશીકપૂરની સ્વયંવર નામના ફિલ્મના એક ગીતની કડી રજૂ કરૂ છું.

'નારી કુછ ઐસન આગે
નિકલ રહી હે,
મર્દન કે પાવ ??તૃલે ધરતી
ફિસલ રહી હૈ.
મર્દન કો દઈ કે ટેન્શન
લડતી હૈ અબ ઈલેક્શન,
કલતક થી જો સિસ્ટર, વહ
હુઈ ગઈ મિનિસ્ટર
મર્દન કી મોમબત્તી ડમડમ
પિઘલ રહી હે,
મર્દન કે પૉવ તલે ધરતી
ફિસલ રહી હ'.

યોગેશભાઈ આર જોષી
હાલોલ: ૩૮૯ ૩૫૦
જિ.પંચમહાલ



ક્યાં વાંધો હતો..!
પાને રંગ બદલ્યો ત્યાં તો ખરી પડ્યું નહીંતો ,
લીલાં વૃક્ષને સાચવવામાં કયાં વાંધો હતો..!
એ મધમીઠી સુગંધનો મોહ નડી ગયો નહીંતો,
મહેંકતા ફૂલને સાચવવામાં ક્યાં વાંધો હતો ..!
ઝૂકેલી આંખોની ખારાશ કળી ગયાં નહીંતો ,
વિશાળ દરિયો સંઘરવામાં ક્યાં વાંધો હતો..!
જવાબદારી એ ખાંધે ભાર લાદી દીધો નહીંતો ,
સ્નેહનાં સબંધ સાચવવામાં ક્યાં વાંધો હતો..!
ખોટી વાહવાહીમાં વહેમાયા 'રાજા' નહીંતો ,
ભરી મહેફિલ જમાવવામાં ક્યાં વાંધો હતો..!
વનિતા મણુંદરા 'વાણી' બનાસકાંઠા



રહે સતત...
દૂર રહો તો યાદ જેવું રહે સતત.
ના મળો, ફરિયાદ જેવું રહે સતત.
થાય કેવું? રોજ કહેવું 'કેમ છો?
રોજ મૂંગા સાદ જેવું રહે સતત.
પ્રેમ કેવો? હું અને તું જાણીએ,
મૌન વાદવિવાદ જેવું રહે સતત.
કૈક સપના, ભંગ થાતાં વાદળો,
આંખમાં વરસાદ જેવું રહે સતત.
આવવાની ધારણા અકબંધ છે,
કાળજે ઉન્માદ જેવું રહે સતત.
નારણ મકવાણા (અમદાવાદ )

અથાગ પ્રયત્ન બાદ મળેલી મોટી સફળતાનો અનેરો આંનદ...??



આજે મારે ઉંચેરા આકાશને આંબવુ છે,
આજે મારે પંખીની જેમ ઉડવું છે,
આજે મારે દરિયાના મોજાંને ગણવું છે,
આજે મારે માછલીની જેમ તરવું છે,
આજે મારે દૂર દૂર સુધી ફરવું છે,
આજે મારે રંગબેરંગી બગીચામાં ભમવું છે,
આજે મારે ભોળા ભૂલકાંની જેમ રમવું છે.
મારે કંઈક ને કંઈક કરવું છે...
નીપા મિસ્ત્રી 'નીમી' (વલસાડ )



જાનું , કહે તું , લાવું તારલાં ,તારા હાથમાં આપુ પ્રાણ ,
પ્રેમી જન સહુ આવું કહે ,પણ, સો રૂપિયે ય ઇ તાણ .
કહે , એજ કંઈ કરે નહીં ,જાણો, આવેગ ની ઇ વાત ,
સાચો પ્રેમ ઇ કહે નહીં ,ધરી દયે , પહેલી જાત .
જોઈ લ્યો , જાત પરવાનો ઇ ,બાંધે , અગન સાથે પ્રીત ,
પરવા કરે નાં ઇ પ્રાણની ,બસ , જાળવી જવી રીત .
માનવ તો , સ્વાર્થની પૂતળી ,ફરે , સ્વાર્થ ની જ રાખી રીત ,
મળે , મળ્યાં થી ઇ અધિક જો ,જાય, તરત બદલી ઇ ચિત .
માટે જ, અમર ક્યાં ? માનવી ,ગાંઠ નોય , ખોટો લેખાય ,
અમર પદ , તો પામે પરવાનો ઇ,જઈ, પ્રભુ દરબારે પૂજાય .
સ્વાર્થ નહીં , પરમાર્થ જ ભલો ,અપનાવી એ એજ ઇ રાહ,
ભલે , સ્વર્ગ મળે , કે નાં મળે ,પણ , મળે જ પ્રભુની વાહ .
જગદીશભાઈ બળદેવભાઈ પટેલ ,
વીરમગામ ,



પથ્થર બની પ્રતીક્ષા કરો , સ્પર્શ કરવા રામ આવશે,
વનના ફળ વીણેલા રાખો, બોર ચાખવા રામ આવશે.
દ્વાપર હોય કે કળિયુગ, શિલ સંયમ ને સત્યના આધારે,
વિભીષણ સમો કરો ત્યાગ,રાજ તિલક કરવા રામ આવશે.
જગદીશ જે પ્રજાપતિ,'બનાસી'

# ચાલો ઇડીના દરોડા દરોડા રમીએ

તમે હાલની પરિસ્થિતિથી કંટાળ્યો છો? માસ્ક ,સેનેટાઈઝર , વેકસિન, દવા, ઈન્જેકશ, ઓકસિજનના ધાંધિયાથી અકળાયેલા છો? કંઇક હટકે કરવા કે જીવવા ઈચ્છો છો? મોનેટોનસ જીવનથી ફેડઅપ થયા છો? જબરું બોરિયત ફીલ કરો છો? કંઇક થ્રીલ ફિલ કરવું છે? જીવન પ્રવૃતિમય કરવું છે?

તમારી મુશ્કેલીઓ આફતને અવસરમાં પલટાવવી છે? તો કમર કસીને તૈયાર થઈ જાવ. દોસ્તો તુમ્હારા પડોશવાલા કે પડોશવાલી કા દિલ થાન કે બેઠો!! ( બોસ માહોલ જામી ગયોને? આમ, માહોલ જમાવો અટલે અડધો જંગ જીતી ગયા. શું કહો છો? જવાબ- તમે બધું કીધું છે મને કયાં તક મળી છે)

તમે કદી જે રમત રમ્યા નથી તે રમત રમીએ. ચાલો દરોડા દરોડા રમીએ!!

આ રમત રમવા માટે ચમચમાતી ત્રણ ચાર કાર, બે ત્રણ સૂટ પહેરેલા કોથળા, અંક બે ફ્રેન્ચ કટ દાઢીવાળા, એક બે ચાલવાના પ્રભાવશાળી અધિકારી. વેઈટ પ્રભાવશાળી અને અધિકારી. યહ બાત હજમ નહીં હુઇ. પ્રભાવશાળી હોય તે અધિકારી ન હોય અને વાઈસે વરસા અધિકારી હોય તે પ્રભાવશાળી ન હોય. જે આર્ટિકલ એકત્ર કરીએ એમાં સાઉથ ઈન્ડિયન એસેન્ટવાળા અધિકારી જોઈશે. થોડાંક બબુચક કલાર્ક તેમજ પ્યુન, ડ્રાઈવર ટાઈપ પણ જોઈશે. નાની મોટી સાઈઝના બિલોરી કાચ ,સ્ક્રૂ ડ્રાઈવર, હથોડી,છીણી, કરન્સી નોટ ગણવાના મશીન પણ લોકેશન પર હાજરાહજૂર જોઇશે . હિસાબની માથાફોડ કરવા સીએ અને લટકણિયા જોઈશે. ભીડને કંટ્રોલ કરવા પોલીસ પેરા મિલિટરી ફોર્સ, ફોટોગ્રાફી માટે રીસોર્સ પર્સન જોઈશે.આમ તો હાથકડી , દોરડું ફોટોગ્રાફર પણ જોઈશે.

મનમાં નક્કી કરો કે દરોડો પાડવો છે એટલે કામની ઈતિશ્રી થશે નહીં . દરોડાનું સ્વરૂપ અને પ્રકાર નક્કી કરવા પડશે. એ પછી દરોડા પાડવાના સત્તાધીશ બનવું પડે. ન સમજાયું ?? ઉદાહરણ તરીકે કવિની બિનહિસાબી બે નંબરની કવિતા મોટાભાગે તથાકથિત પ્રેયસી કે એકતરફી પ્રેયસીને ઉદેશીને લખેલ હોય!! આવા લબડું ગબડું કવિને ત્યાં દરોડો પાડવા વિવેચકને મોકલવા કરતાં કવિના માથાભારે ને માથાફરેલા શ્રીમતી દરોડો પાડશે તો દરોડો સફળ થશે.

શ્વાસના જાણીતો સ્રોત કરતાં અપ્રમાણસર ઉચ્છવાસ ધરાવનારને ત્યાં એસીબીની રેડને બદલે રદીવાળો કે પસ્તીવાળો રેડ કરે તો રેડ સફળ જ રહેશે.

કોને ત્યાં અને કયા કારણસર દરોડો પાડવો તેની ગુપ્ત માહિતી ખુલ્લી રીતે તે વિસ્તારના પાનવાળા, ચાવાળા કે સિકસુરીટી કે ડ્રાઈવરને કળી ચુનો ફોડીએ તેમ ફોડવાથી મળશે.

કયા અને ક્યારે દરોડો પાડવો તે પણ અગત્ય ધરાવે છે. જેમ કે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તરીકે મીઠાઈવાળાને ત્યાં વહેલી સવારે દરોડા પાડવાના બદલે સવારે કે સાંજે દરોડો પાટવાથી નાસ્તાનો પ્રોબ્લેમ આપોઆપ સોલ્વ થઇ જશે અને ટ્રાન્જેકશનની ખબર પડશે તે લટકામાં.

અખબાર સમુહ પર દરોડો પાડવાથી આ બૈલ મુજે માર જેવી ફજીહત થશે.

ઈક્મ ટેક્સ કે એન્ફોર્સમેન્ટ અધિકારી તરીકે દરોડો પાડો તો તુમાખીની માત્રા ફૂલ રાખવી અને ભૂલમાં પણ ગુજરાતી ભાષા આવડતી હોય તે પણ ઈંગ્લિશમાં જ ફફડાવવું નહીં તો કોઇ તમને યેડા સમજશે. આ દરોડામાં ત્રેંત્રીલ ટકા સ્ટાફ સાઉથ ઈન્ડયન રાખવો .જે તામિલ કે મલયાલમ લહેકા અને લહેજામાં હિન્દી-ઇંગ્લિશમાં બોલશે અટલે દરોડાની ગ્રેવિટી આપોઆપ આવશે.

ચાલો હવે ખરેખર દરોડો પાડીએ. તમને થશે કે કયાં સ્થળે,કોને ત્યાં,કેટલા વાગ્યે દરોડો પાડવાનો છે? ખલાસ તમે સીતાનું હરણ થયા પછી હરણની સીતા થઇ કે નહીં જેવો ચાઇલ્ડીશ સવાલ કરો છો? અરે ભાઇ ખાનગી કામગીરી છે. તેના વોટસએપ, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર સ્ટેટસ અપડેટ ન કરવાના હોય!! ચુપચાપ ઓફસના દરોડાના ડબ્બા ગાડીમાં બેસી જાવ. ફોન લેપટોપ જમા કરાવી દો. ફિલ્મોમાં કિડનેપર જેનું કિડનેપિંગ કર્યું હોય તેની આંખે કાળા કલરની પટી બાંધે છે તેમ પટી બાંધી નથી.

ચલો ધડાધડ ઉતરી જાઓ અને ગુરૂ હો જા શરૂ!! માથે ફેલ્ટ અને લોંગ ઓવરકોટ અને હોલબુચ પહેરેલા મહાન જાસૂસ કરમચંદ કે વ્યોમકેશ બક્ષીની માફક જાડા મોટા બિલોરી કાચ લઇ છાનબીન શરૂ કરો. બેત્રણ જઈને લોકપ તિજોરીની ચાવી માંગો. ન મળે તો ડીજીટલ પાસવર્ડ વાળા લોકર છીણી હથોડાથી તોડી લોકરની તલાશી લો. આ શું? લોકરમાંથી દોઢસો વરસ જુના છાપા નીકળ્યા? ઓહ નો!! નક્કી કંઈ કોડવર્ડ માટે છાપા રાખ્યા લાગે છે!!

બે ચાર જણ દિવાલ પરના કરોળિયાના જાળા ચકાસો. તેમાં સોના ચાંદી છુપાવ્યા હશે?

અરે પેલા મુનીમને બધા માટે ગરમ નાસ્તો -ચાની વ્યવસ્થા કરવાનું કહી દો. એ તો એના જ ખર્ચે હોયને કમિશનરના ગગાના લગ્ન થોડા લીધા છે. પેલા પીઆરઓને કહી દો કે પ્રેસ રીલીઝ કરી દે કે દરોડામાં સંદિગ્ધ અસંદિગ્ધ વાંધાજનક પુરાવા હિસાબી ચોપડા સાહિત્ય મળેલ છે. દરોડા મોડી રાત કે સવાર સુધી ચાલશે,.

અરે, યાર પેલા મુખબીર,ખબરી, બાતમીદારને આપણા વહીવટદારનો નંબર આપી દો . જેથી અંદર ટેબલ ભીનું સંકેલી શકાય!!!

ભરત વૈષ્ણવ
૨૦.૧૧.૨૦૨૨.#
હાસ્યલેખઈ હાસ્યલેખ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



*NOG SS NO.0081*
વિષય: ધર્માંતરણની આડ અસર

પ્રકાર: ગદ્ય
શીર્ષક: ધર્મની ઘેલછા
શબ્દો: ૩૫૦

ધર્મ એટલે માનવ આચરણ પર અંકુશ રાખવાની ચાવી. આમ તો દરેક ધર્મ બીજાં ધર્મો પ્રત્યે સહિષ્ણુ થવાનું કહે છે. જન્મ સાથે જે તે માન્યતા કે રૂઢિને અનુસરીએ તે ધર્મ એમ સમજ હોય છે. એનાં મૂળ સુધી જવાની કે એની પાછળનાં કારણો શોધવા બહુ જૂજ લોકો પ્રયત્ન કરે છે.

જ્યારે રાજકારણ કે ધર્મગુરુઓ દ્વારા ધર્મપાલન અંગે જડતા અપનાવાય ત્યારે પીડિતોની એક જમાત ધીમે ધીમે ઊભી થાય છે. આ પીડિતોની પેઢીઓ યાતના સહન કર્યા બાદ બીજાં ધર્મ તરફ વળે છે. આવે વખતે જ જૈન, બૌદ્ધ ધર્મનો ઉદય થયો આમ તો ભારતની મૂળ પ્રજા દ્રાવિડ છે , હિન્દુ તેમનો ધર્મ છે. બાકીના બધાં જ ધર્માંતરણ પામેલાં છે કારણકે ભારત આક્રમણકારોનો મનપસંદ દેશ હતો .તે સૌ શાસનકર્તાઓએ અપનાવેલી નીતિ પ્રમાણે ધર્માંતરણ થયું. આ દરમ્યાન મોટી સંખ્યા હોવાથી અને અન્ય પર્યાય ન હોવાથી વિરોધ નહીંવત્ રહેતો.

ત્યાર બાદ આધુનિકતાએ કબજો જમાવતા,વિશ્વ નાનું થતું ગયું અને ધર્મ,સમાજ,રાજ્ય અને દેશનાં અંતર ઓગળવા લાગ્યાં. આંતરજ્ઞાતિય લગ્ન સહજ થવા લાગ્યાં જેમાં પરસ્પર સમજ સાથે શરૂઆત થતી સહજીવનની. અમુક કિસ્સાઓમાં રીત રિવાજોમાં ફરક અને પોતાની વાત સાચી કરવામાં તડ પડી ખરી પણ એનું પ્રમાણ ઓછું હતું. ધર્મ અપનાવવા પાછળનું ઝનૂન ન હોવાથી મોટે ભાગે સુલેહ થઈ જતી.

ધર્મ અપનાવવા માટે જીદ કરી જાન લેવા સુધીની ક્રૂરતા ન ચલાવી લેવાય. આંતરરાષ્ટ્રીય સ્તરે ધર્માંતરણ કરાવી પોતાની વસ્તી વધારવાનો જે જાલિમ હેતુ છે એ ભયાવહ છે. એકહથ્થુ સત્તા માટેની લાલસા જ મૂળમાં અધર્મી છે. જ્યાં હેતુ જ આટલો અમાનવીય છે ત્યાં ધર્મ કેવો ! એ ધર્મમાં પરધર્મીને કાફિર જેવા શબ્દોથી ત્યાં માનવીય મૂલ્યો તો અભરાઈએ જ હોય .

આ ક્રૂર આડ અસર ત્યારે જ અટકી શકે જ્યારે વાલીઓ સંતાનોને સમજી શકે,સમજાવી શકે. આધુનિકતાના નામે અપાતી છૂટ પર સતત નજર અને કડપ રહે એ જરૂરી છે. ધર્માંતરણને નામે ખુલ્લેઆમ થતી જીવ લેવાની ક્રૂરતા જ સૌના માટે લાલબત્તી છે. ફેશનના નામે નાની નાની રીતિઓથી વિમુખ થતી પેઢીને આપણાં મહાન ધર્મની વાતો, એનાં મૂળ વિશે અવગત કરાવીએ તો આ યુવા પેઢીનો આવેશ લગામમાં રહે .દા.ત. કપાળે ચાંદલો કરવો.. એક સમયે જ્યારે વિધર્મીઓનો અત્યાચાર વધ્યો ત્યારે પુરુષ અને સ્ત્રી બંને આ અનુસરતા, આ એક ઓળખ હતી. વળી વૈજ્ઞાનિક રીતે લાલ ચાંદલો સંમોહન જેવી મેલી વિદ્યાને વિફળ બનાવે છે.

ધર્મ તરફની ઘેલછા જીવ તો ન જ લે!
#© માયા દેસાઈ
મુંબઈ ભારત.

# દલ બદલું નેતાઓ દેશનું શું ભલું કરવાના છે

આપણાં ખંધા અને બેશરમ નેતાઓના દિલમાં કોઈ પણ પ્રકારની દેશદાઝ છે જ નહીં. આ લોકો તો પોતાના ગજવા ભરવામાંથી ઊંચાં આવતાં જ નથી. હાલમાં ગુજરાત રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે અને લગભગ દરેક પાર્ટીએ પોતાના ઉમેદવારોની યાદી બહાર પાડી દીધી છે.હવે જે નેતાઓને પોતાનું ભાવિ જોખમાય એવું લાગે છે તેઓએ એક યા બીજા કારણોસર જે તે પાર્ટી સાથે છેડો ફાડી દીધો છે અને પક્ષ પલ્ટાઓ ચાલું કરી દીધાં છે.જે લોકોને પક્ષ તરફથી ચૂંટણી લડવા માટે હાઈકમાન્ડે ટિકિટ ફાળવી નથી એથી નારાજ થઈને પક્ષ પલટાઓ કરે છે. ??????જે પાર્ટીઓએ ઉમેદવારોને લોભ, પ્રલોભન અને લાલચ આપ્યા છે, તેઓ એક પક્ષ છોડીને બીજા પક્ષમાં જાય છે અને પોતે જે પક્ષમાં હતાં એજ પક્ષની બદબોઈ કરવા લાગી જાય છે. ×જીસ કી થાલીમેં લડું ઉસકી ગોદ મેં હમ× .એ ન્યાયે એ લોકો માત્ર ને માત્ર પોતાનો સ્વાર્થ અને પોતાની ખુરશી વિશે વિચારતા હોય છે. આવા દલબદલું નેતાઓ પાસેથી કોઈ અપેક્ષા રાખી શકાય નહીં. આવા દંભી અને સ્વાર્થી નેતાઓ પક્ષને ખાડામાં નાખવા અને હરિફોને સકંજામાં લેવા માટે જાતજાતના કરતબો અજમાવે છે.આવા તકવાદીઓ વોટ તોડાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આવા ગણતરીબાજ નેતાઓ પાસેથી કોઈ અપેક્ષા રાખી શકાય નહીં. આવા દલબદલું નેતાઓને તો જનતાએ બરોબરનો બોધપાઠ ભણાવવો જોઈએ.

યોગેશભાઈ આર જોશી
હાલોલ ૩૮૯૩૫૦

## ઈમરાન ખાને ભારતની વિદેશ નીતિના વખાણ કરી પાકિસ્તાનની વર્તમાન શહબાઝ સરકારને ગુલામ ગણાવી

ઈસ્લામાબાદ,તા.૨૦

પાકિસ્તાનમાં સરકાર બદલાયા બાદ જૂના સત્તાધીશોના શૂર પણ બદલાયેલાં જોવા મળી રહ્યાં છે. સત્તા ગુમાવ્યા બાદ સતત પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન ભારતના વખાણ કરતા આવ્યાં છે. કોઈકને કોઈક વાતે મોકો જોઈને ઈમરાન ખાન ભારતના વખાણ કરવાનું ચુકતા નથી. આજે ફરી એકવાર ઈમરાન ખાને ભારતના વખાણ કર્યા છે. એટલું જ નહીં ઈમરાન ખાને તો એ હદે કહી દીધું કે ભારત પાસેથી કંઈક શીખો એ સતત આગળ વધી રહ્યું છે. અને પાકિસ્તાનની શાહબાઝ સરકાર તો ગુલામ છે.ઉલ્લેખનીય છેકે, પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન હવે કોઈકને કોઈક કારણ શોધીને ભારતના વખાણ કરતા જોવા મળી રહ્યાં છે. ફરી એકવાર પાકના પૂર્વ પીએમ ઈમરાન ખાને કર્યા ભારતના વખાણ, કહ્યું- ભારતની વિદેશ નીતિ પર કોઈનું દબાણ નથી. ભારત એક સ્વતંત્ર રાષ્ટ્ર છે. જ્યારે તેની સરખામણીએ પાકિસ્તાનની હાલત સાવ ખરાબ છે. પાકિસ્તાનની વર્તમાન સરકારે દેશને ગુલામ બની દીધો છે. પાકિસ્તાનના પૂર્વ પીએમ ઈમરાન ખાને કહ્યું કે એક તરફ ભારત ક્વાડ દ્વારા અમેરિકાની સાથે છે તો બીજી તરફ તે રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ પણ ખરીદી રહ્યું છે. પોતાની પાર્ટીના લોંગ માર્ચને સંબોધતા ઈમરાને કહ્યું કે પાકિસ્તાન અને ભારત એકસાથે આઝાદ થયા હતા પરંતુ તેમની વિદેશ નીતિમાં મોટો તફાવત છે. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના વડા ઈમરાન ખાને કહ્યું, ‘ભારતની વિદેશ નીતિ સ્વતંત્ર છે અને તેના પર કોઈ દબાણ નથી. અમારે ભારત પાસેથી શીખવાની જરૂર છે. ભારત ક્વાડ ગ્રૂપમાં અમેરિકાની સાથે છે, તેમજ રશિયા પાસેથી તેલ ખરીદે છે. સસ્તા દરો.

### રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યુવા શક્તિનું મહત્વપૂર્ણ યોગદાન - રાજ્યપાલશ્રી

# આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે દિલ્હીથી શરૂ થયેલી "ફ્રીડમ મોટો રાઈડ" બાઈક રેલીને રાજભવન ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

**૭૫ બાઈક સવારનો નિર્ધાર: ૭૫ દિવસમાં ૧૮૦૦૦ કિલોમીટરના ભારત ભ્રમણ દ્વારા દેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વૈભવને અને ફીટ ઇન્ડિયા મૂવમેન્ટને જન જન સુધી પહોંચાડશે**

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત્તે ઓલ ઈન્ડિયા મોટર બાઈક એક્સપીડિશન-૨૦૨૨ દ્વારા યોજાયેલી ‘ફ્રીડમ મોટો રાઈડ’ બાઈક રેલીને રાજભવન, ગાંધીનગર ખાતેથી લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવતા જણાવ્યું હતું કે રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યુવાશક્તિનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

રાજ્યપાલશ્રીએ આ બાઈક રેલીને દેશને જોડવાના પુરુષાર્થ સમાન ગણાવી જણાવ્યું હતું કે ભારત દેશ અતીતના ગૌરવને હૃદયમાં સ્થાપિત કરીને વૈશ્વિક સિદ્ધિના નુતન શિખર હાંસલ કરી રહ્યો છે. આજે ભારતનું સમગ્ર વિશ્વમાં ગૌરવ સ્થાપિત થયું છે જેમાં દેશની યુવાશક્તિનું યોગદાન અગ્રેસર છે. રાજ્યપાલશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવને શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ઉત્સવ ગણાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવની આ પ્રેરણા તેમજ ભારતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વૈભવને અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટને જન જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે ફ્રીડમ મોટો રાઈડ બાઈક રેલી દ્વારા ભારત ભ્રમણ માટે નીકળેલા સૌ સાહસવીરોને આ પ્રસંગે લક્ષ્ય સિદ્ધિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે



આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે ભારત સરકારના રમતગમત અને યુવા બાબતોના મંત્રાલયના સહયોગથી અને ઓલ ઈન્ડિયા મોટર બાઈક એક્સપીડીશન - ૨૦૨૨ દ્વારા યોજાયેલી આ ‘ફ્રીડમ મોટો રાઈડ’ બાઈક રેલીમાં જોડાયેલા ૭૫ મોટરસાયકલ સવાર ભારત ભ્રમણ દરમિયાન ૭૫ દિવસમાં ૧૮,૦૦૦ કિ થી વધુ અંતર કાપીને ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લઈ, દેશના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વૈભવ અને ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ પ્રત્યે લોકોને જાગૃત કરી રહ્યા છે. કેન્દ્રના ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ૯મી સપ્ટેમ્બરે મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતેથી આ બાઈક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઈક રેલી તારીખ ૧૭ નવેમ્બરના રોજ ગુજરાત પહોંચી હતી અને ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ સાબરમતી આશ્રમ જેવા સ્થળોની મુલાકાત લીધા બાદ આ બાઈક રેલી ગુજરાતથી મધ્યપ્રદેશ તરફ જવા રવાના થઈ હતી.

રાજભવન ખાતે યોજાયેલા આ સમારોહમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર શ્રી મણીકાંત શર્મા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ શ્રી આર.ડી ભટ્ટ, ફ્રીડમ મોટો રાઈડ ઈન્ડિયાના સીઈઓ શ્રી મેહુલ બારોટ અને ડિરેક્ટર શ્રી હર્ષલ મોદી, વિંગ કમાન્ડર શ્રી ધર્મેન્દ્ર શર્મા (સે. નિ.), સ્પેશિયલ ઓલમ્પિક ભારતના ડો. ડી. જી. ચૌધરી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈરાક અને સીરિયા પર તુર્કીયેની એર સ્ટ્રાઈક:આતંકવાદી અડ્ડાઓ પર બોમ્બ વરસાવ્યા, ઈસ્તાંબુલમાં હુમલાનો બદલો લીધો

ઈસ્તાંબુલ,તા.૨૦

તુર્કિયે(જૂનું નામ તુર્કી)એ નોર્થ સીરિયા અને નોર્થ ઈરાકમાં પ્રતિબંધિત કુર્દિશ આતંકવાદી ઠેકાણા પર હવાઈ હુમલો કર્યો છે. આ ઠેકાણાઓ પરથી જ આતંકીઓએ ઈસ્તાંબુલ પર આતંકી હુમલાની યોજના બનાવી હતી. હુમલાની માહિતી તુર્કીના સંરક્ષણ મંત્રાલયે આપી છે. તુર્કિયેના ઈસ્તાંબુલમાં ૧૩ નવેમ્બરે થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ૬ લોકોની મોત થઈ હતી

. ૮૧ લોકો ઘાયલ થયા હતા. સરકારે કુર્દિસ્તાન વર્કર્સ પાર્ટી અને સીરિયાઈ કુર્દિશ રૂંય મિલિશિયા સંગઠનને જવાબદાર ઠેરવ્યા હતા. ઈસ્તાંબુલમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેવા કુર્દિશ આતંકવાદી ટાર્ગેટ પર હુમલો કરવામાં આવ્યો છે.

તુર્કિયેએ અલ-બેલોનિયા અને દાહિર-અલ-અરબ ગામ પર હુમલો કર્યો છે.

હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. જોકે, સરકારે ટ્વીટ કર્યું છે, જેમાં જોઈ શકાય છે કે આતંકવાદીઓના ઠેકાણા પર બે વિસ્ફોટ થાય છે.

ટ્વીટમાં લખવામાં આવ્યું છે કે સચોટ હુમલાથી આતંકવાદીઓના ઠેકાણાઓ નષ્ટ થઈ ગયા.

ઈસ્તાંબુલમાં ૧૩ નવેમ્બરે બોમ્બ વિસ્ફોટ થયો હતો. ઘટનામાં પોલીસે ૨૦થી વધુ લોકોની ધરપકડ કરી છે.

એક મહિલાની પણ ધરપકડ કરવામાં આવી છે. અલ જઝીરાએ સૂત્રોના હવાલાથી પોતાના અહેવાલમાં દાવો કર્યો હતો કે હુમલામાં ૩ લોકો સામેલ હતા. જેમાંથી એક મહિલા અને બે પુરૂષ હતા. વિસ્ફોટ સાંજે લગભગ ૪ વાગ્યાને ૧૫ મિનિટે થયો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર એક મહિલા લગભગ ૪૦ મિનિટ સુધી બેસી રહી. ત્યાર પછી તે ત્યાં એક બેગ મૂકીને જતી રહી.

થોડી મિનિટ પછી ત્યાં વિસ્ફોટ થયો. કહેવામાં આવી રહ્યું છે કે, તે બેગમાં બોમ્બ હતો.

ઈસ્તાંબુલ હુમલા પછી અમેરિકા અને તુર્કિયેના સંબંધોમાં તણાવ જોવા મળ્યો છે.

તુર્કિયે સરકારે કહ્યું હતું કે, આ હુમલાની પાછળ કુર્દિશ આતંકવાદી સંગઠનનો હાથ હતો. તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન ઘણી વખત ખુલ્લેઆમ કહી ચૂક્યા છે કે યુએસ સરકાર સીરિયામાં હાજર કુર્દિશ આતંકવાદીઓને હથિયારો પૂરા પાડે છે અને આ આતંકવાદીઓ સીરિયામાંથી તુર્કિયેમાં હુમલા શરૂ કરે છે.

આ જ કારણ છે કે ઈસ્તાંબુલ હુમલા પછી જ્યારે રાજધાની અંકારામાં અમેરિકન દૂતાવાસે હુમલા પર શોક વ્યક્ત કર્યો ત્યારે તુર્કીના ગૃહમંત્રી સુલેમાન સોયલુએ કહ્યું- અમને તેમની શોકની જરૂર નથી.

અમેરિકા કુર્દિશ સંગઠનોને મદદ કરતું રહ્યું છે.

# આફતાબે શ્રદ્ધાના ૩૫ ટુકડા કર્યા, આફતાબના ૫૦૦ ટુકડા કરો :વિહિપના નેતા સાધ્વી પ્રાચી

## હિંદુ છોકરીઓએ મુસ્લિમ છોકરાઓ સાથે મિત્રતા અને પ્રેમ ન કરવો જોઈએ.

બરેલી,તા.૨૦

વિશ્વ હિન્દુ પરિષદના નેતા સાધ્વી પ્રાચીએ ઉત્તર પ્રદેશના બરેલીમાં શ્રદ્ધા હત્યા કેસને લઈને નિવેદન આપ્યું છે. પત્રકારો સાથે વાત કરતા સાધ્વી પ્રાચીએ કહ્યું કે હિન્દુઓ એક થાય. કાન ખોલીને સાંભળ. તેમને આ જ ભાષામાં જવાબ આપો. જ્યાં આફતાબે શ્રધ્ધાને ૩૫ ટુકડા કર્યા, પછી ૫૦૦ ટુકડા કરો, રસ્તો મળી જશે. બીજા દિવસે કોઈ નિધિ ગુપ્તા મૃત મળી આવશે નહીં. તેણે હિંદુ છોકરીઓને મુસ્લિમ છોકરાઓ સાથે મિત્રતા અને પ્રેમ કરવાની સખત મનાઈ કરી. આ સાથે દરેક માતા-પિતાને પણ તેમની દીકરી પર નજર રાખવાની સૂચના આપવામાં આવી હતી, જેથી કરીને કોઈ જેહાદી તેને પોતાના ચુંગાલમાં ફસાવી ન શકે.



રાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.

સાધ્વી પ્રાચીએ કહ્યું કે ભારતની અંદર ખૂબ જ સુનિયોજિત ષડયંત્ર ચાલી રહ્યું છે. હિંદુ દીકરીઓને અહીં કેવી રીતે ફસાવવામાં આવે છે, તેમની સાથે લવ જેહાદ કરવામાં આવે છે. આ શ્રાદ્ધ નથી, ક્યારેક નિધિ ગુપ્તા આવે છે તો ક્યારેક શ્રાદ્ધ આવે છે. તેમણે કહ્યું કે આવી ઘટનાઓ માત્ર હિન્દુ દીકરીઓ સાથે જ કેમ બને છે? જ્યારે હિન્દુ છોકરાઓ પણ મુસ્લિમ છોકરીઓ સાથે લગ્ન કરે છે. આજ સુધી ભારતમાં તેની સાથે આવી કોઈ ઘટના સામે આવી નથી.

સાધ્વી પ્રાચીએ હિંદુઓને કહ્યું હતું કે અમારી દીકરીઓની સુરક્ષા માટે અમારે કાયદો પોતાના હાથમાં લેવો પડશે, પરંતુ અમારી દીકરીઓની રક્ષા કરો. તેમણે કહ્યું કે હું દરેક માતા-પિતાને અપીલ કરીશ કે તેઓ તેમની દીકરી પર નજર રાખે. તેની આસપાસ ક્યાંક કોઈ જેહાદી તેની પુત્રીને પોતાની ચુંગાલમાં તો ન ફસાવી રહ્યા. સાધ્વી પ્રાચીએ આફતાબ જેવા આરોપીઓ અને તેમને લવ જેહાદમાં ફસાવીને મારી નાખનારા જેહાદીઓ વિશે કહ્યું કે હું દીકરીઓને કહીશ કે તેમના કરતા જાનવરો સારા છે. તમે કૂતરાને બે ટાઈમ રોટલી ખવડાવો છો, તેનાથી પણ કોઈના ટુકડા થતા નથી. આ અભણ લોકો છે, પરંતુ તેમને તેમની જ ભાષામાં જવાબ આપવો જોઈએ.

સાધ્વી પ્રાચીએ કહ્યું કે હિંદુ છોકરીઓએ મુસ્લિમ છોકરાઓ સાથે મિત્રતા અને પ્રેમ ન કરવો જોઈએ. જો તમે પ્રેમ કરો છો, તો તમારા માતાપિતા સાથે કરો. દરેક પિતા ઈચ્છે છે કે તેમની પુત્રી આકાશમાં ઉડે, પરંતુ પિતા જાણે છે કે આકાશમાં ઘણા ગરુડ છે. તેમને પ્રેમ ન કરવો જોઈએ. હું ખુલ્લેઆમ કહું છું કે આ લોકો અભણ છે. આફતાબ અંગે સાધ્વી પ્રાચીએ કહ્યું કે ભારતીયોએ કાન ખોલીને સાંભળવું જોઈએ. તેમને આ જ ભાષામાં જવાબ આપો. જ્યાં આફતાબે શ્રદ્ધાના ૩૫ ટુકડા કર્યા છે, તો તેના ૫૦૦ ટુકડા કરો, રસ્તો મળી જશે. બીજા દિવસે કોઈ નિધિ ગુપ્તા મૃત મળી આવશે નહીં. સાધ્વી પ્રાચીએ યુપીમાં ગેરકાયદેસર મદરેસાઓ પર બુલડોઝર ચલાવવાની પણ અપીલ કરી હતી અથવા સરકાર પાસે તેમના પર સરકારી હોસ્પિટલ બનાવવાની માંગ કરી હતી.

# રામ મંદિરના ૫૦૦ વર્ષના ઈતિહાસ પર બનશે ફિલ્મ, અમિતાભ બચ્ચને નિઃશુલ્ક પોતાનો અવાજ આપશે

નવી દિલ્હી,તા.૨૦

અયોધ્યામાં વર્ષ ૨૦૨૩ સુધી રામ મંદિર બનીને તૈયાર થઈ જશે. આ દરમિયાન હવે રામ મંદિરના ઈતિહાસમાં તેને લઈને કરવામાં આવેલા સંઘર્ષોને બતાવવા માટે એક ફિલ્મ બનાવવાનું એલાન કરવામાં આવ્યુ છે. દૂરદર્શન પર આ ફિલ્મને બતાવવામાં આવશે. ખાસ વાત એ છે કે ફિલ્મમાં મહાનાયક અમિતાભ બચ્ચન પોતાનો અવાજ આપવાના છે. તેને લઈને રામ મંદિર નિર્માણ સમિતિની બે દિવસ દરમિયાન થયેલી બેઠકમાં આ ચર્ચા કરવામાં આવી છે.

રામ મંદિરના ૫૦૦ વર્ષના ઈતિહાસમાં લોકો સુધી પહોંચાડવાની સ્ટોરી લખવાની જવાબદારી પ્રખ્યાત લેખક અને ફિલ્મ સેન્સર બોર્ડના અધ્યક્ષ પ્રસૂનને આપવામાં આવી છે. તેની સાથે ૬ સભ્યોની એક ટીમ પણ કામ કરી રહી છે. મંદિર નિર્માણ સમિતિ અને શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આ ફિલ્મ બનાવવાને લઈને પોતાની મંજૂરી આપી દીધી છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન પોતાનો અવાજ આપશે. જોકે, પ્રસૂન જોશી અને અમિતાભ બચ્ચન ફિલ્મ માટે કોઈ ફી નથી લેવાના.ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના સેક્રેટરી સચ્ચિદાનંદ જોશી આ ફિલ્મ દરમિયાન કોઑડિશનનું કામ કરશે. ચાણક્યનું નિર્માણ કરનારા ચંદ્ર પ્કાશ દ્વિવેદી અને અયોધ્યા રાજ પરિવારના પ્રખ્યાત સાહિત્યકાર યતીંદ્ર મિશ્રા પણ ફિલ્મ બનાવવામાં મદદ કરશે.શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપચ રાયે દૈનિક ભાસ્કર સાથે વાત કરતા કહ્યુ હતું કે, રામ મંદિર આંદોલનને લઈને બનાવવામાં આવી રહેલી આ ફિલ્મમાં મંદિરના ૫૦૦ વર્ષના ઈતિહાસને જોવામાં આવશે. તેમાં મંદિર નિર્માણને પણ બતાવવામાં આવશે.

## ઈસરોએ નવો રેકોર્ડ બનાવ્યો, મિશન ‘ગગનયાન’ માટે પેરાશૂટનું સફળ પરીક્ષણ થયું

ઝાંસી,તા.૨૦

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ ભારતના પ્રથમ ‘મેડ ઈન ઈન્ડિયા’ રોકેટના પ્રક્ષેપણ બાદ વધુ એક સફળતા હાંસલ કરી છે. એજન્સીએ વધુ એક સફળ પરીક્ષણ હાથ ધર્યું છે, જે દેશના ડ્રીમ પ્રોજેક્ટ, ગગનયાન પ્રોજેક્ટને સાકાર કરવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હોવાનું કહેવાય છે. માનવ અવકાશ ઉડાન ક્ષમતા દર્શાવવા માટે ઈસરો દ્વારા આ પ્રથમ પ્રોજેક્ટ છે. ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરે ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં બબીના ફીલ્ડ ફાયર રેન્જ ખાતે ઈન્ટીગ્રેટેડ મેઈન પેરાશૂટ એરડ્રોપ ટેસ્ટનું આયોજન કર્યું છે.

ઈસરોએ કહ્યુ કે આઈએમએટી દેશની મહત્વકાંક્ષી ગગનયાન પરિયોજનાને સાકાર કરવાની દિશમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. અંતરિક્ષ એજન્સીએ કહ્યું કે ગગનયાનની ગતિ ઓછી કરવાની પ્રણાલીમાં ત્રણ મુખ્ય પેરાશૂટનો સમાવેશ થાય છે, જે પ્રમાણમાં નાના એસીએસ, પાઈલોટ અને ડ્રોગ પેરાશૂટ સિવાય છે, જેથી લેન્ડિંગ દરમિયાન ક્રૂ મોડ્યુલની ઝડપને સુરક્ષિત સ્તરે ઘટાડી શકાય.ઈસરોએ કહ્યું કે ત્રણ મુખ્ય પેરાશૂટમાંથી બે અવકાશયાત્રીઓને લેન્ડ કરવા માટે પૂરતા છે, પરંતુ એક પેરાશૂટ વધારાનું છે. ઈસરોએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય પેરાશૂટ ન ખુલે તેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવું કરવામાં આવ્યું છે. આ પરીક્ષણમાં ક્રૂ મોડ્યુલ માસની સમકક્ષ પાંચ ટનના ડમી દ્રવ્યમાનને ૨.૫ કિમીની ઉંચાઈ પર લઈ જવામાં આવ્યો હતો અને ભારતીય વાયુસેનાના આઈએલ-૭૬ એરક્રાફ્ટનો ઉપયોગ કરીને છોડવામાં આવ્યો હતો.પ્રારંભિક આંચકો ઘટાડવા માટે મુખ્ય પેરાશૂટનું કદ શરૂઆતમાં નાના વિસ્તાર સુધી મર્યાદિત હતું ઈસરોએ કહ્યું, ‘સંપૂર્ણપણે તૈનાત મુખ્ય પેરાશૂટે પેલોડની ઝડપને સુરક્ષિત લેન્ડિંગ સ્પીડમાં ઘટાડી દીધી. આ સમગ્ર ક્રમ લગભગ ૨-૩ મિનિટ સુધી ચાલ્યો. પેરાશુટ ધીમેથી જમીન પર આવ્યુ અને વૈજ્ઞાનિકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ.

### ન ઘરના ન ઘાટના

# દિગ્ગજ નેતા સત્તા માટે કોંગ્રેસ છોડી ભાજપમાં ગયા,ને હવે ક્યાંયના ન રહ્યાં

## અભરખા સાથે કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા નેતાઓને હાથ કંઈ ન આવ્યું



અમદાવાદ,તા.૨૦

રાજકારણમાં સત્તા માટે પક્ષપલટો કરવાની નવાઈ નથી. દરેક વખતે ચૂંટણી પહેલાં નમતાં પલડે બેસવાની રાજકીય પક્ષોને ટેવ હોય છે. તેમાં ક્યારેક લાંબા ગાળાની ગણતરી હોય કે ક્યારેક અગાઉથી જ ટીકિટ માટે વચન મેળવી લીધેલું હોય. પરંતુ કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલાં કેટલાંક મોટા ગજાના નેતાઓને એવી પછડાટ મળી છે કે ભાજપમાં આવવાનો તેમનો હેતુ સર્યો નથી અને હવે કોંગ્રેસમાં પાછા જઈ શકે તેમ નથી.

ધર્મેન્દ્રસિંહ જાડેજા હકુભા તરીકે જાણીતા આ ક્ષત્રિય નેતા પોતાના બળબૂતા પર બે વખત કોંગ્રેસના ઉમેદવાર તરીકે જામનગર ઉત્તર વિધાનસભા બેઠક પરથી જીત્યા હતા. ત્યારબાદ ભાજપમાં જોડાઈને ભાજપની ટીકિટ પર પણ જીત્યા હતા. ભાજપમાં જોડાવાની શરત હોય કે ગમે તે કારણ હોય, તેમને તરત કેબિનેટ મંત્રી બનાવી દેવાયા, પણ હકુભા તેમાં બરાબર સેટ થાય એ પહેલાં તો આખું રૂપાણી પ્રધાનમંડળ જ ઘરભેગું થઈ ગયું અને હકુભાનું મંત્રીપદ ગયું. આ વખતે તેમની ઉમેદવારી નિશ્ચિત મનાતી હતી પરંતુ અચાનક ચૂંટણી ટાણે જ સ્થાનિક સ્તરે તેમનો વિરોધ થવા લાગ્યો. મારામારીના જૂના કેસમાં હાઈકોર્ટનું નડતર પણ ઊભું થઈ ગયું અને હકુભાની ટીકિટ કપાઈ ગઈ. તેમનાં સ્થાને સેલિબ્રિટી ક્રિકેટર રવીન્દ્ર જાડેજાના પત્ની રિવાબાને ટીકિટ મળી ગઈ છે. હવે નાછૂટકે હકુભાએ ભવિષ્યની આશાએ રિવાબાના પ્રચારમાં જોડાવું પડે છે.

બ્રિજેશ મેરજાએ મોરબીના આ ધારાસભ્ય કોંગ્રેસની ટીકિટ પર જીતીને પછી લાગ જોઈ ભાજપમાં જોડાયા અને મંત્રી પણ બની ગયા હતા. ઉચ્ચ સરકારી અધિકારીમાંથી નેતા બનેલાં મેરજા બીજી વખત ધારાસભ્ય બનીને વધુ મોટું મંત્રાલય મેળવવાના ખ્વાબ જોઈ રહ્યા હતા પરંતુ તેમનાં સત્તાના ખ્વાબ પર મોરબીનો પુલ તૂટ્યો અને મેરજાની ટીકિટ કપાઈ ગઈ છે. હવે મોરબીમાં તેમના કટ્ટર હરીફ કાંતિ અમૃતિયા ઉમેદવારી કરી રહ્યા છે. જો અમૃતિયા આ બેઠક પરથી જીતી જાય તો મેરજાના રાજકીય ભાવિ પર બહુ મોટો પ્રશ્નાર્થ મૂકાઈ શકે છે.

પરશોતમ સાબરિયા ધ્રાંગધ્રા હળવદ બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય સાબરિયાએ પણ રાજ્યસભાની ચૂંટણી ટાણે વખત પારખીને પક્ષપલટો કરી લીધો હતો. જોકે સાબરિયાને મંત્રીમંડળમાં સ્થાન તો ન જ મળ્યું, તેમની ટીકિટ પણ કપાઈ ગઈ છે. તેમની દાવેદારી પણ ભાજપના નિરીક્ષકોએ ધ્યાને લીધી ન હતી. એ જોતાં સાબરિયા માટે પણ હવે કોંગ્રેસમાં પાછા ફરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચતો નથી. સિવાય કે તેઓ હવે નિવૃત્તિ લઈ લે.

જયરાજસિંહ પરમાર કોંગ્રેસના આ વાચાળ, બુદ્ધિશાળી અને આક્રમક પ્રવક્તાએ ભાજપમાં જોડાઈને સૌને આંચકો આપ્યો હતો. ભાજપના સૌથી વધુ કડક ટીકાકાર તરીકે ટીવી ડીબેટ ગજાવતા આ ક્ષત્રિય નેતા ભાજપમાં જોડાયા તેનું કારણ કોઈને સમજાતું ન હતું. ત્યારે એવી ધારણા મૂકાતી હતી કે ખેરાલુ વિધાનસભા બેઠક પરથી ઉમેદવારીની ખાતરી મળવાથી તેઓ ભાજપમાં જોડાયા છે. હવે જ્યારે તમામ બેઠકો પર ઉમેદવારો જાહેર થઈ ચૂક્યા છે ત્યારે જયરાજસિંહ પરમારને પણ નિરાશા જ હાથ લાગી છે. ખેરાલુ બેઠક પર તેમની દાવેદારીનો ભાજપના નિરીક્ષકો કે પાર્લામેન્ટરી બોર્ડે કોઈ ચર્ચાને પાત્ર સુદ્ધાં ગણી નથી અને ખારિજ કરી દીધી છે. હવે ટીવી પર ગરજતો કોંગ્રેસનો સાવજ ભાજપના પાંજરે પૂરાઈ રહેશે કે શું કરશે એ જોવું રહ્યું.

વરુણ પટેલ પાટીદાર અનામત આંદોલન વખતે સભાઓ ગજવનારા વરુણ પટેલ પાસ છોડીને ભાજપમાં જોડાયેલા સૌ પ્રથમ નેતા હતા. ગત ચૂંટણીમાં તેમને ભાજપે પ્રવક્તા બનાવ્યા પછી બહુ ઝડપથી હોદ્દા વગરના કરી દીધા અને પાંચ વરસ સુધી અકારણ કેસરી ખેસ પહેરી રાખતાં વરુણ પટેલે આ ચૂંટણીમાં વિરમગામ બેઠક પરથી દાવેદારી નોંધાવી હતી. પોતાને ટીકિટ મળે એ માટે ખાસ દિલ્હી જઈને ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલકાતા પણ કરી હતી. પરંતુ તેમની દાવેદારીને જરાય વજન આપ્યા વગર ભાજપે તેમના જ એક સમયના સાથીદાર હાર્દિક પટેલને વિરમગામથી ઉમેદવાર બનાવી દીધા છે. વરુણ પટેલ માટે પણ હવે રાજકારણની દિશાઓ ધૂંધળી બની ચૂકી છે.

### ખેડાઃ મોડીરાત્રે કન્ટેનર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, ૩ યુવાનોના મોત

ખેડા,તા.૨૦

શનિવારે મોડીરાત્રે ખેડા રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કન્ટેનર અને બાઈક પર થયેલા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ત્રણ યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામનારા યુવકો ટીનએઝર્સ હોવાનું સામે આવી રહ્યું છે, ત્યારે ઘટના સ્થળે દોડી આવેલી પોલીસે અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરી છે.

મોડીરાત્રે ખેડામાં કન્ટેનર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

મોડીરાત્રે કઠલાલના ભનેર પાસે અકસ્માતની ઘટના બની હતી.

કન્ટેનર અને મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. ત્રણેય મૃતક યુવાનો કઠલાલ તાલુકાના લાડવેલના વતની હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ઓવૈસી પોતાની વાત મનાવવા વડાપ્રધાન મોદીની કારની સામે ઉંધી જશે

અમદાવાદ,તા.૨૦

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં તમામ રાજકીય પક્ષો જોરશોરથી પ્રચાર પ્રસારમાં વ્યસ્ત છે. ત્યારે એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસી તાજેતરમાં ગુજરાતના પ્રવાસે છે. આ દરમિયાન અસદુદ્દીન ઓવૈસીનું એક મોટું નિવેદન ચર્ચાનું વિષય બન્યું છે. અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું છે કે જમાલપુરમાં બંધ ફેક્ટરી ખોલવા માટે જો સાબીર કાબુલીવાલા અને હું પીએમ મોદીની કારની સામે સૂવું પડશે તો તેઓ સૂઈ જઈશું.

જણાવી દઈએ કે એઆઈએમઆઈએમ ચીફ અસદુદ્દીન ઓવૈસી સરકાર પાસે જમાલપુરમાં બંધ ફેક્ટરી ખોલવાની માંગ કરી રહ્યા છે. ઓવૈસીએ વધુમાં કહ્યું કે, બિલ્કીસ બાનો પર બળાત્કાર કરનારને સંસ્કારી કહેવામાં આવી રહ્યા છે. મોરબીમાં ૧૫૦ લોકોના મોત થયા, તેમ છતાં હજુ પણ સરકાર તે કેસને હાથ લગાવતી નથી. તેમણે આગળ કહ્યું કે એક છોટા રિચાર્જ આપ છે જે બિલ્કીસ બાનો પર ક્યારેય બોલતા નથી. યુસીસી પર પણ બોલતો નથી.

કોંગ્રેસ પર પ્રહાર કરતા ઓવૈસીએ કહ્યું કે કોંગ્રેસ પોતાને વેચવા અને ખરીદવામાં માહેર છે. કોંગ્રેસે અમારા એક ઉમેદવારને ૨૦ લાખમાં ખરીદ્યો. હૈદરાબાદથી રાહુલ ગાંધીને લડાવો, હું તેમની ડિપોઝીટ પણ જપ્ત કરી લઈશ. કોંગ્રેસનો વિનાશ શરૂ થઈ ચૂક્યો છે. તમે ૨૭ વર્ષથી ભાજપમાં જોડાઈને તેમને સફળ બનાવ્યા છે. ૨૦૨૪માં કોંગ્રેસને માત્ર ૨૪ સીટો મળશે.

નોંધપાત્ર વાત એ છે કે,અસદુદ્દીન ઓવૈસી ભાજપ, કોંગ્રેસ અને આપ પર સતત હુમલા કરતા રહે છે. ઓવૈસી સતત મોરબી બ્રિજ અકસ્માત અને બિલ્કીસ બાનોનો મુદ્દો ઉઠાવી રહ્યા છે. અસદુદ્દીન ઓવૈસીને આશા છે કે તેમની પાર્ટી છએઆઈએમઆઈએમ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં સારો દેખાવ કરશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ૧૮૨ ધારાસભ્યોવાળી વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ૧ અને ૫ ડિસેમ્બરે મતદાન થશે. સાથે જ ૮મી ડિસેમ્બરે મતગણતરી કરવામાં આવશે.

# મહુવાઃ ૪૪ વર્ષની પરિણીતાની અડધી ઉંમરનાં યુવક સાથે આંખ મળી, જીવન ટૂંકાવ્યુ

ભાવનગર,તા.૨૦

તાલુકાનાં બારતાડ ગામમાં ૪૦ વર્ષની પરિણીતાએ ૨૦ વર્ષનાં પ્રેમી સાથે ગળેફાંસો ખાઇને જીવન ટૂંકાવી લીધું છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા આખા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ પ્રેમીપંખીડા છેલ્લા બે વર્ષથી પ્રેમસંબંધમાં હતા તેવી પણ માહિતી સામે આવી રહી છે. આ અંગે મહુવા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.આ અંગે મળતી માહિતીએ, મહુવા તાલુકાના કરચેલીયા ગામમાં કોળીવાડ ફળિયામાં રહેતી ૪૪ વર્ષની પરણીતા લીનાબેન ચંદ્રકાન્તભાઈ પટેલને ફળિયામાં જ રહેતા ૨૦ વર્ષના યુવાન આરતીશભાઈ મોહનભાઈ પટેલ સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. પોતાનાથી અડધી ઉંમરના યુવાન સાથે પરિણીતાને પ્રેમ હોવાની વાતની ચર્ચા આખા વિસ્તારમાં થતી હતી.

આ બંનેએ શનિવારના રોજ બપોરે ૧૨ કલાકની આસપાસ બારતાડ ગામની ગૌચરની જમીનમાં આવેલા બાવળના ઝાડ સાથે ઓઢણી બાંધીને ગળેફાંસો ખાઇને જીવન ટૂંકાવી દીધું છે.

# ડાંગ જિલ્લા ૧૭૩ વિધાનસભા ના ભાજપા ઉમેદવાર વિજયભાઈ પટેલ ની ડોર ટુ ડોર મુલાકાત અને જાહેર સભામા ઠેર ઠેર વ્યાપક આવકાર મળી રહ્યો છે



રવિવારે ૧૭૩ વિધાનસભા ના ઉમેદવાર વિજયભાઈ પટેલે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવાઈ છે, રવિવારે આહવા તાલુકાના જાખાના, ગલકુંડ, લાહનચર્યા, લીંગા, બોરખલ, વાસુરના, ઘોઘલી, હારપાડા,ટાંકલીપાડા, જેવા ગ્રામ પંચાયત દીઠ ગામો ની મુલાકાત અને જાહેર સભા નું આયોજન હાથ ધરતા ઠેર ઠેર સ્વયંભુ જન સમર્થન મળી રહ્યું છે. તત્કાલીન સરકાર દ્વારા ગરીબ ખેડૂતો, મહિલાઓ, અને પશુપાલકોના ઉદ્ધાર માટે અનેક યોજનાથી લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.આ જાહેર સભાં મા દસરથભાઈ પવાર, કમળાબેન રાઉત, રાજવી ધનરાજસિંહ, રમેશભાઈ ડોન, બીબીબેન ચૌધરી, હરિરામ સાવંત,વિજયભાઈ ચૌધરી, મયના બાગુલ, સહીત મોટી સંખ્યામાં કાર્યકરો સમર્થકો ઉપસ્થિત રહી ભાજપા ના ઉમેદવાર ને જંગી મતો થી વિજય બનાવવા સંકલ્પ કર્યો હતો.

નરેન્દ્ર પવાર, ડાંગ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવી પૂજા અર્ચના કરી

સોમનાથ,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ મંદિર ખાતે પહોંચ્યા હતા. તેમજ જળાભિષેક કરીને પૂજા અર્ચના પણ કરી હતી. તે અગાઉ તેમણે સોમનાથ મંદિરના પરિસરમાં ઉભેલા પ્રવાસીઓનું હાથ હલાવીને અભિવાદન કર્યું હતું. તો લોકોએ પણ પ્રધાનમંત્રી મોદીને હૂંફાળો આવકાર આપ્યો હતો. પ્રધાનમંત્રી મોદી હેલિકોપ્ટર દ્વારા હવાઈ માર્ગે સોમનાથ પહોંચ્યા હતા અને પ્રધાનમંત્રી મોદી અને ભુપેન્દ્ર પટેલ સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરી હતી. તેઓને સોમનાથ ખાતે ૫૦ બ્રાહ્મણો અને ૩૦ ઋષિકુમારો પ્રધાનમંત્રી મોદીને પૂજા કરાવી હતી. સોમનાથ પરિસરમાં ઉભેલા યાત્રાળુઓએ વડાપ્રધાનને જોઈને મોદી મોદીના નારા પણ લગાવ્યા હતા.આ દરમિયાન વડાપ્રધન નરેન્દ્ર મોદીએ ટ્વીટર પર ભૂતકાળમાં કરેલા વિકાસકાર્યોની યાદો તાજી કરાવતા ફોટો શેર કર્યા છે. આ ફોટો તેમના 'મોદી આર્કાઈવ' નામના ટ્વીટર એકાઉન્ટ પર શેર કરાયા છે. જેમાં તેમણે વર્ષ ૨૦૧૦ના સોમનાથના ફોટો શેર કર્યા છે. આ ફોટો એ સમયના છે જ્યારે સોમનાથમાં સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે સંસ્કૃત મહાકુંભનું આયોજન કરાયું હતું. આ પહેલા વર્ષ ૨૦૦૭માં તેમણે સંસ્કૃત યુનિવર્સિટીનું લોકાર્પણ કર્યું હતું.

# 'વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ' એ માર્ગ અકસ્માતમા માર્યા ગયેલા મૃતકોને શ્રદ્ધાંજલિ આપતા ડાંગ જિલ્લા પ્રશાસનના અધિકારી/કર્મચારીઓ




આહવાઃ તાઃ ૨૦ઃ 'વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ' નિમિત્તે ડાંગ જિલ્લા વહીવટી તંત્રના અધિકારી, કર્મચારીઓએ માર્ગ અકસ્માતમા મૃત્યુ પામતા મૃતકો પ્રત્યે સંવેદનાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

માર્ગ અકસ્માતો અટકાવવા તથા રોડ સેફટીના નિયમોનુ પાલન કરવા બાબતે વ્યાપક જનજાગૃતિ ફેલાવવા માટે “word Day of Remembrance" (વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ) મનાવવામા આવે છે. જેના ભાગરૂપે ડાંગ જિલ્લા કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજાના વડપણ હેઠળ જિલ્લાની તમામ કચેરીઓના અધિકારી/કર્મચારીઓ દ્વારા તા.૨૦ મી નવેમ્બર, ૨૦૨૨ (રવિવાર) ના રોજ સવારે ૧૧ વાગ્યે પોતપોતાની કચેરીઓમા, માર્ગ અકસ્માતોમા મૃત્યુ પામેલા મૃતકો માટે બે મિનિટનુ મૌન પાડી, રોડ સેફ્ટી અને ટ્રાફિકના નિયમોના પાલન માટે શપથ ગ્રહણ કર્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

### 'અન્ય જાતિ'નો અચૂક મતદાન માટે નિર્ધાર

# અન્ય જાતિ એટલે કે ટ્રાન્સજેન્ડર કેટેગરીમાંથી મત આપીએ છીએ ત્યારે અમે પણ સમાજનો જ અભિન્ન હિસ્સો છીએ તેવી અનુભૂતિ થાય છે : કશીશદે પાવૈયા

**અમદાવાદ જિલ્લાના ૨૧૧ અન્ય જાતિ મતદારો ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા કટિબદ્ધ-કલેક્ટર શ્રી ધવલ પટેલ**

**અમદાવાદનો કિન્નર સમુદાય લોકશાહીના મહાપર્વમાં એકજૂથ થઈને મતદાન કરવા ઉત્સુક**

**વર્ષ ૨૦૧૪ થી અન્ય જાતિ કેટેગરીમાં સમાવિષ્ટ થયા બાદ ટ્રાન્સજેન્ડર તરીકે એકપણ ચૂંટણીમાં મતદાન કરવાનું ચૂક્યા નથી**



મત કરવાનો હક્ક બંધારણે આપ્યો છે જો આપણે અન્ય હક્ક માટે હરહંમેશ સજાગ રહેતા હોઈએ તો મત કરવાના હક્કને ફરજ સમજીને કેમ અદા ન કરી શકીએ? આ શબ્દો છે અમદાવાદ શહેરના કિન્નર સમુદાયના અગ્રણી કશીશદે પાવૈયાના.

તેઓ ઉમેરે છે કે , વર્ષ ૨૦૧૪થી સુપ્રીમ કોર્ટ દ્વારા કિન્નર સમુદાયને 'અન્ય જાતિ' કેટેગરીમાં સમાવિષ્ટ કરવામાં આવી છે ત્યારથી અમને ટ્રાન્સજેન્ડર તરીકે સ્વતંત્ર રીતે મતદાન કરવાનો હક્ક મળ્યો છે. આ અગાઉ અમે પુરુષ અથવા સ્ત્રી કેટેગરીમાં મતદાન કરતા હતા. વર્ષ ૨૦૧૪થી લઈને અત્યાર સુધીમાં દરેક ચૂંટણીમાં અમે અચૂકથી મતદાન કર્યું છે.

મતદાન કરીને ભારતીય નાગરિક હોવાના અનેરા આનંદ સાથે ગર્વની લાગણી અનુભવાય છે તેમાં પણ ખાસ કરીને જ્યારે અન્ય જાતિ એટલે કે ટ્રાન્સજેન્ડર માટેની અલાયદી કેટેગરીમાં મત આપીએ છીએ ત્યારે અમે પણ સમાજનો જ અભિન્ન હિસ્સો છીએ તેવી અનુભૂતિ થાય છે.

કશીશદે પાવૈયા જમાલપુર અખાડામાં વર્ષોથી રહે છે.તેમની સાથે મોટી સંખ્યામાં કિન્નર સમુદાયના લોકો રહે છે, જેઓ કશીશબાને પોતાના ગુરુ માને છે. આ કિન્નર સમુદાયના લોકો જેઓ મતદાતા તરીકે નોંધાયેલા છે અને જેમનું ચૂંટણી કાર્ડ છે તેઓ દરેક ચૂંટણીમાં અચૂકથી મતદાન કરે છે.

દિવાળી, હોળી, રક્ષાબંધન જેવા તહેવારોની જેમ જ ચૂંટણીને પણ ખરા અર્થમાં તેઓ એક અવસર અને ઉત્સવ માને છે. અવસર ગમતા ઉમેદવારને ચૂંટવાનો, અવસર પોતાને મળેલા હક્કને ઉજાગર કરવાનો,અવસર સમાજમાં લોકશાહીના સૌથી મોટા ઉત્સવ ચૂંટણીમાં મતદાન પ્રત્યેની જાગૃતિ ફેલાવવાનો, આ અવસરને તેઓ લોકશાહીનો સૌથી મોટો અવસર સમજે છે.

અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી ધવલ પટેલે જણાવ્યું હતું કે, અમદાવાદ જિલ્લામાં ૨૧૧ જેટલા અન્ય જાતિ કેટેગરીના મતદારો નોંધાયા છે. દરેક ચૂંટણીમાં અન્ય જાતિના મતદારો ખૂબ જ ઉમંગ અને ઉત્સાહ સાથે મત આપવા જતા હોય છે.

## દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબના નિઝર જાહેર સભાના વકવ્ય બિંદુઓ

- આદિવાસી વિસ્તારનો વિકાસ જોઇ તમને કોઇ નવાઇ નહી લાગતી હોય કારણ કે ૨૦ વર્ષથી અંહી વિકાસ થયો છે હું ૯૦ના સમયથી અંહી આવું છું.
- આ કોંગ્રેસીયાઓ બોર્ડ લગાવે છે કે કોંગ્રેસનું કામ બોલે છે પણ કોંગ્રેસને પુછજો કે ૧૯૯૦થી તમે સત્તામાં નથી કામ કામ કયારે કર્યુ સમજાવો..
- જે પાર્ટી ૩૨ વર્ષથી સત્તામાં ન હોય તે પાર્ટી વિકાસની જસની પાઘડી પોતાના માથે પેરે તેનાથી જુઠી પાર્ટી મે કયારેય જોઇ નથી
- કોંગ્રેસીયાઓ તમને બોલતા શર્મ આવી જોઇએ કે અનેક વર્ષ દેશ અને રાજયમાં રાજ કર્યા પછી આદિવાસી વિસ્તારમાં ગામોમા લાઇટ નોહતી કોઇના ઘરે ૨૪ કલાક વિજળી નોહતી આવતી મોદી સાહેબે ૨૪ કલાક વિજળી પહોંચાડવાનું કામ કર્યુ છે.
- ગુજરાતની આજે એ સ્થિતિ છે કે મોસાળા મા જમણવાર અને મા પિરસે .. કોઇને કંઇ માંગવા જવુ પડે વગર માંગીએ બજેટ તમારા સુધી પહોંચે તે માટે કામ કર્યુ છે
- મોદીની સરકાર ગુજરાતમાં હોય કે કેન્દ્રમાં તેમણે હમેંશા આદિવાસી સમાજના ગૌરવ માટે કામ કર્યુ છે. મોદી સાહેબે દેશના રાષ્ટ્રપતી પદ માટે આદિવાસી સમાજની દિકરીને જવાબદારી આપી આદિવાસી સમાજનું સન્માન વધારવાનું કામ કર્યુ છે.
- ભાજપે બિરસામુંડાજીના જન્મજંયતી પર જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનું આયોજન કર્યુ છે પરંતુ કોંગ્રેસે કયારેય કર્યુ નથી.
- કોંગ્રેસે ગાંધી નહેરુ પરિવાર માટે બધુ બનાવ્યુ પણ આદિવાસી સ્વતંત્ર સેનાની સ્મૃતિ માટે કશું ન બનાવ્યું.
- કોંગ્રેસ વાળા આજે વિકાસની વાત કરે છે પરંતુ તેમના સમયમાં આદિવાસી સમાજનું બજેટ એક હજાર કરોડ રૂપિયા કોંગ્રેસના સમયમાં હતું અને આજે એક લાખ કરોડ રૂપિયા આદિવાસી વિકાસમાં ખર્ચવાની જાહેરાત કરી છે.
- આજે આદિવાસી પરિવારની આવક બમણી થઇ ગઇ છે.
- આજે હર ઘર નળ સે જળ થકી પિવાનું શુદ્ધ પાણી મળે છે.
- કોગ્રેસના ધારાસભ્ય આવે તો કહેજો કે હિસાબ કીતાબ લઇને આવો.

# ઓલ ઈન્ડિયા મોટરબાઈક એક્સપિડીશન-૨૦૨૨ દ્વારા આયોજિત 'ફ્રીડમ મોટો રાઈડ - બાઈક રેલી' અમદાવાદ પહોંચી

### રાઈડર્સે શહેરના સુપ્રસિદ્ધ ગાંધી આશ્રમ તથા અટલ બ્રિજની મુલાકાત લીધી







આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે અને FIT ઈન્ડિયા મૂવમેન્ટને પ્રોત્સાહન આપવા માટે 'ફ્રીડમ મોટો રાઈડ ૨૦૨૨'નું આયોજન કરવામાં આવ્યું છે, જે અંતર્ગત 'ધ ફ્રીડમ મોટો રાઈડ-૨૦૨૨' બાઈક રેલીનું આયોજન કરાયું છે.

આ બાઈક રેલીએ ભારતની આઝાદીના ૭૫ વર્ષ અને દેશના ભવ્ય ઈતિહાસ, પ્રાચીન અને મહાન સંસ્કૃતિ અને સિદ્ધિઓને સમર્પિત છે.

આ ફ્રીડમ મોટો રાઈડમાં ૭૫ પ્રોફેશનલ રાઈડર્સે ભાગ લીધો છે, જે દેશના વિવિધ ૭૫ જેટલા આઈકોનિક સ્થળોની મુલાકાત લેવાના છે.

જે સંદર્ભે આજે આ બાઈક રેલી અમદાવાદ આવી પહોંચી હતી અને સુપ્રસિદ્ધ ગાંધી આશ્રમ તથા અટલ બ્રિજની મુલાકાત કરી હતી.આ બાઈક રેલીના ૭૫ રાઈડર્સ લગભગ ૭૫ દિવસના સમયગાળામાં આંતરરાષ્ટ્રીય સરહદો સહિત દેશના ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૧૮,૦૦૦ કિલોમીટરથી વધુનું અંતર કાપવાના છે.

આ યાત્રા ૯મી સપ્ટેમ્બરથી શરૂ થઈ હતી અને ૨૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ સમાપ્ત થશે.

આ કાર્યક્રમ ફિટનેસ વિશે લોકોને પ્રોત્સાહિત કરવા તથા જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આયોજિત કરાયો છે.

'ફ્રીડમ મોટો રાઈડ' ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ સાથે સત્તાવાર રીતે સંકળાયેલી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.